Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૮ (ચાલુ), વીર સં. ૨૫૦૦
વિ. સં. ૨૦૩૦ ફાગણ-ચૈત્ર

## શ્રી મહાવીર જન્મકલ્યાણક વિશેષાંક

### સાચા મુનિ

જે જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરના વચનોમાં શ્રદ્ધા રાખીને છ કાયના જીવોને પોતાના આત્માની સમાન માને છે, જે અહિંસા આદિ પાંચ મહાવ્રતોના પૂર્ણ રૂપે પાલન કરે છે, જે પાંચ આશ્રવોનું સંવરણ અર્થાત્ નિરોધ કરે છે તેઓજ સાચા મુનિ છે. તેમને નમસ્કાર.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

પુસ્તક : ૭૧ ] માર્ચ-એપ્રિલ : ૧૯૭૪ [ અંક : ૫-૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧. | નિશ્ચય હે અપના આધાર | .... | દેસાઇ જગજીવનદાસ જે. | ૩૩ |
| ૨. | વીર વચનામૃત | .... | — | ૩૪ |
| ૩. | મંગલ શ્લોકો | .... | સ. પ. હેમચંન્દ્ર વિજય ગણી | ૩૫ |
| ૪. | આત્માની સુરક્ષા | .... | ઉપેન્દ્રરાય જ. સાંડેસરા | ૩૭ |
| ૫. | પ્રભુ-ચરણે | .... | ડૉ. ભાઇલાલ એમ. બાવીશી | ૪૨ |
| ૬. | દયા ખાજો એ દેશની | .... | મૂળ: ખલિલ જિબ્રાન | |
| | | .... | ભાવાનુવાદ: બી જે કાપડી | ૪૩ |
| ૭. | આત્મા લંબનનો ઉત્કૃષ્ટ આદર્શ પ્રભુ મહાવીર | .... | ભાનુમતી દલાલ | ૪૪ |
| ૮. | પ્રિયદર્શના | .... | મનસુખલાલ તા. મહેતા | ૪૬ |
| ૯. | વીર ચરિત્ર અંગેની આગમિક સામગ્રી | .... | હિરાલાલ ૨. કાપડિયા | ૪૯ |
| ૧૦. | સુખ ક્યાં ? | .... | અમરચંદ માવજી શાહ | ૫૨ |
| ૧૧. | ગાંગાણી તીર્થનો સંક્ષિપ્ત પરિચય | .... | સં. પૂ પં. શ્રી લબ્ધિવિજયજી ગણિ | ૫૪ |
| ૧૨. | સં. ૨૦૨૮નો સરવૈયું હિસાબ | .... | — | ૬૦ |
| ૧૩. | જૈન સમાચાર | .... | — | ૬૪ |


## આ સભાના નવા માનવંતા પેટ્રન

**શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી–મુંબઈ**

## આ સભાના નવા આજીવન સભ્યો

**શ્રી ત્રંબકલાલ જગજીવનદાસ–મુંબઇ**
**શ્રી અ. સૌ. રંભાબેન રમણલાલ–ભાવનગર**
**શ્રી મનસુખલાલ જુઠાભાઇ–ભાવનગર**

## પરમ પૂજ્ય આત્મારામજી મ. ની જન્મ જયંતિ

પરમ પૂજ્ય ગુરુદેવ આત્મારામજી (આચાર્ય વિજયાનંદસૂરીશ્વરજી) મહારાજનો ૧૩૮ મો જન્મદિન આ સભા તરફથી સંવત ૨૦૩૦ના ચૈત્ર શુદી ૧ રવીવાર તા. ૨૪–૩–૭૪ના રોજ રાંધનપુર નિવાસી શેઠશ્રી સાકરચંદભાઇ મોતીલાલભાઈ તરફથી મળેલી આર્થિક સહાય વડે ઉજવવામાં આવ્યો હતો શ્રી શત્રુંજય ઉપર આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં જ્યાં પૂજ્ય ગુરુદેવ શ્રી આત્મારામજી મહારાજની પ્રતિમા બિરાજમાન છે ત્યાં નવાણું પ્રકારી પૂજા ભણાવી અંગરચના કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાવનગરથી સારી સંખ્યામાં સભાસદો આવ્યા હતા. આ સભાસદોનું બપોરના સ્વામીવાત્સલ્ય યોજવામાં આવ્યું હતું અને સાધુ–સાધ્વીજી મહારાજની ભક્તિનો પણ સારામાં સારો લાભ લીધો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી કાંતિલાલ ભગવાનદાસ સાવડિયા



શ્રી. કાન્તિલાલ ભગવાનદાસ સાવડિયાનો જન્મ પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ પોરબંદરમાં સંવત ૧૯૭૮ના કારતક વદિ ૩ શુક્રવાર તા. ૧૮-૧૧-૧૯૨૧ના શુભ દિવસે થયો હતો. તેમના પિતાશ્રી ભગવાનદાસભાઈ મુલજી જેઠા મારકેટમાં નોકરી કરતા હતા. તેમના માતુશ્રી શ્રી. રામકુંવરબહેન વંથળી સોરઠ નિવાસી શેઠ દેવકરણ મુલજીના વડીલ બંધુ શેઠ હરજીવન મુલજીના પુત્રી થાય. કુટુંબની આર્થિક સ્થિતિ સામાન્ય હતી. ચંપાગલ્લીની એક નાનકડી રૂમમાં વરસો અગાઉ આ કુટુંબ રહેતું. પરંતુ તેઓનું જીવન અત્યંત સંતોષી હતું અને રહેણી કરણી સાદી હતી.

સ્વ. ભગવાનદાસભાઈ અને સ્વ. શ્રી રામકુંવરબેનના સંતાનો અલ્પ આયુ હતા અને તેમના બધા સંતાનોમાં માત્ર શ્રી. કાંતિલાલભાઈ એકલા જ અપવાદ રૂપ હતા. એકના એક જ સંતાન હોવાથી માતા પિતાનું તેમના પર અથાગ હેત હતું. કાંતિલાલભાઈની છત્રીસ વર્ષની વયે તેમના પિતાશ્રીનો સ્વર્ગવાસ થયો, તેમના માતુશ્રી શ્રી. રામકુંવરબેન દીર્ઘકાળનું આયુષ્ય ભોગવી ઈ. સ. ૧૯૭૦માં સ્વર્ગવાસ પામ્યાં. માતાની દીર્ઘકાળ પર્યંતની માંદગી દરમિયાન પુત્ર અને પુત્રવધૂએ એવી સરસ સેવાચાકરી કરી કે જે આજના યુગમાં ભાગ્યે જ જોવા મળે.

માત્ર પંદર સોળ વર્ષની વયે મુંબઈની જી. ટી. હાઈસ્કુલમાં પ્રાથમિક અભ્યાસ પૂરો કરી પિતાને સહાયરૂપ બનવા અર્થે કાંતિલાલભાઈએ અભ્યાસ છોડી દીધો. થોડા સમય માટે શેર બજારનો અનુભવ લીધા પછી બેત્રણ વરસ સુધી એક વિમા કંપનીમાં નોકરી કરી, પણ આ જીવ નોકરી કરવા માટે સર્જાયો નહોતો. તેમનું ધ્યેય ઊંચું હતું અને લક્ષ ધંધા પર હતું. પરંતુ તે માટે અનુકૂળ તકની રાહ જોઈ રહ્યા હતા. વિમા કંપનીમાં તો આખરે નોકરી હતી એટલે સ્વતંત્ર લાઈન તરીકે એમણે થોડો સમય બુકસેલર તરીકે વ્યવસાય પસંદ કર્યો. આમ અભ્યાસ ઓછો હોવા છતાં તેમણે ઘણો અનુભવ પ્રાપ્ત કર્યો અને ભણતર કરતાં ગણતર અનેક રીતે વધી ગયું. માનવ જીવનના ઘડતરમાં ભણતર કરતાં ગણતરનું જ વિશેષ મહત્ત્વ છે અને આ વસ્તુ શ્રી. કાંતિલાલભાઈના જીવનમાં જોવાની મળે છે થોડા સમય બાદ મેટ્રો સિનેમાની નજીકમાં એક કાપડના સ્ટોરમાં પોતે ભાગીદાર બન્યા અને સાથોસાથ કાપડના ધંધા પર વિશેષ ધ્યાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપવા માંડ્યું. માણસ અને તેના પડછાયાની માફક માનવ જીવનમાં પ્રારબ્ધ અને પુરુષાર્થ બંને એક બીજા સાથે સંકળાયેલા છે. જીવનની સફળતામાં કેટલીક વ્યક્તિઓની બાબતમાં પ્રારબ્ધની મહત્તા જોવામાં આવે છે, તો બીજી બાજુ એવી પણ અનેક વ્યક્તિઓ છે કે જેમણે પોતાનો વિકાસ માત્ર પ્રારબ્ધના બળ વડે નહિં પણ પુરુષાર્થથી કર્યો હોય. શ્રી. કાંતિલાલભાઇએ પુરુષાર્થ અને સતત મહેનત દ્વારા પોતાનો ધંધો વિકસાવ્યો અને આજે વ્યાપાર જગતમાં તેઓ એક આગેવાન કાપડના એક્સપોર્ટર તરીકે વિખ્યાત બન્યા છે.

ગરીબાઈ એ કડવી અને તિરસ્કાર પાત્ર હોવા છતાં તે કલ્યાણકારક પણ બની શકે છે, એ વસ્તુ શ્રી. કાંતિલાલભાઇના જીવન પરથી જોઈ શકાય છે. જર્મન ભાષામાં એક કહેવત છે જેમાં ગરીબીને છઠ્ઠી ઇંદ્રિય તરીકે ઓળખાવેલ છે. ગરીબીમાં રહેલા ગુણોનું ભાન કમનશીબે બહુ ઓછા લોકોને હોય છે પરંતુ આ જગતમાં થઈ ગયેલા અનેક મહાન માણસો અને સફળ વેપારીઓ તથા ઉદ્યોગપતિઓનો વિકાસ ગરીબીના કારણે જ થવાનું તેઓના જીવનમાંથી જોવા મળે છે. શ્રી કાંતિલાલભાઈ આ કોટિના માણસ છે અને પોતાના સ્વબળથી તેમજ સતત પુરુષાર્થ વડે એક સામાન્ય માણસમાંથી આજે એક આગેવાન વેપારી બનેલાં છે. ધનવાન હોવા છતાં તેમના જીવનમાં સાદાઈ, સરળતા અને પવિત્રતા જોવાના મળે છે. યથાશક્તિ અન્યને ઉપયોગી બનવું એ તેનના જીવનનો મુદ્રાલેખ છે જ્ઞાતિ અને સમાજના કાર્યોમાં તન-મન-ધન પૂર્વક પોતાનો યોગ્ય ફાળો આપે છે ટૂંક સમય પહેલાં જ શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજના નૂતન વર્ષાભિનંદન સમારંભમાં તેઓની વરણી સમારંભના અતિથિ વિશેષ તરીકે થઈ હતી. છેલ્લા અનેક વરસોથી દરેક વર્ષે કારતક પૂર્ણિમાની સિદ્ધગિરિની જાત્રાનો તેમણે નિયમ ગ્રહણ કર્યો છે.

ઈ. સ. ૧૯૩૮માં સત્તર વર્ષની ઉંમરે શ્રી. કાંતિલાલભાઈના લગ્ન પોરબંદર નિવાસી શેઠ નાનજી વસનજી મહેતાના સુપુત્રી વિમળાબેન સાથે થયા હતા. શ્રી વિમળાબેન એક આદર્શ ઘરરખ્ખુ ગૃહિણી છે સ્વભાવ અને પ્રકૃતિથી ભારે સરળ, સહનશીલ અને ધર્મનિષ્ઠ છે. પોતે યથશક્તિ તપ અને ધર્માનુષ્ઠાનો કરે છે. અટ્ઠાઈ, નવાઈ જેવા તપ બહુ નાની વયે કરેલાં છે અનેક જૈન તીર્થોમાં પતિની સાથે જાત્રાઓ કરેલી છે. પુરુષને પ્રાપ્ત થતી લક્ષ્મીમાં મુખ્યત્વે પત્નીનું ભાગ્ય જ કામ કરતું હોય છે અને આ વાતની યથાર્થતા શ્રી. વિમળાબેનના જીવન પરથી જોવાની મળે છે. શ્રી. કાંતિલાલભાઈના જીવનનો વિકાસ તેમજ ધંધાની પ્રગતિ પણ આવા સંનિષ્ઠ નારી રત્નના તેમના ઘરમાં પગલા થયા પછી જ શરૂ થયો છે.

શ્રી. કાંતિલાલભાઈને પરિવારમાં બે પુત્રો અને ત્રણ પુત્રીઓ છે. મોટા પુત્ર શ્રી. નરેન્દ્રભાઈ કોલેજની કેળવણી લઈ પિતાના ધંધામાં જોડાઇ ગયા છે. નાનો પુત્ર ચિ. પરેશ હાઇસ્કૂલમાં હાલ અભ્યાસ કરે છે. તેમના બે પુત્રીઓ શ્રી. કુમુદબેન તથા શ્રી. નીલાબેનના લગ્ન થઇ ગયા છે. સૌથી નાની પુત્રી સોનલબેન સ્કૂલમાં અભ્યાસ કરે છે.

આવા ઉદારચરિત, સેવાભાવી અને સૌજન્યશીલ શ્રી. કાંતિલાલભાઇને પેટ્રન તરીકે મેળવવા બદલ આ સભા આનંદ અને ગૌરવ અનુભવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૭૧ ] વિ. સં. ૨૦૩૦ ફાગણ ચૈત્ર .·. ઈ. સ ૧૯૭૪ માર્ચ-એપ્રિલ [ અંક ૫-૬


## નિશ્ચય હૈ—અપના આધાર

મુરખ મન, હોવત ક્યું હેરાન,
તુને જગાયા ભીતર કા તુફાન. મુરખ૦

મહાબીરકા તુ નામ રટત હૈ મુખ સે બોલે મહાબીર,
રાગ દ્વેષ કો છોડ દે પ્યારે—બન સચ્ચા શૂરવીર. મુરખ૦

સ્યાદ્વાદ કા સાર સમજ લે, ષટ્ દ્રવ્ય કી કર પહેચાન,
તત્ત્વે નવે મેં ભરા ખજાના જ્ઞાની કા એહી પ્રાણ. મુરખ૦

સંત સતી શાસન કી શોભા, સભી હૈ શાસન કા રખવાળ,
તુમ બૈઠે હૈ બડી મૌજ સે રખ કે ખુલ્લા આશ્રવ દ્વાર. મુરખ૦

વહેવાર નય કી વાટિકા મેં "નિશ્ચય" કા ફૂલ ઝૂક રહા હૈ,
પહેલે હી વહેવાર બતાયા, "નિશ્ચય" અપના આધાર. મુરખ૦

—દેસાઈ જગજીવનદાસ જે. જૈન-બગસરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીર વચનામૃત

अप्पा नई वेयरणी अप्पा मे कूडसामली ।
अप्पा कामदुहा धेणू अप्पा मे नन्दणं वनं ॥ १ ॥

આપણો આત્માજ વૈતરણી નદી છે. તથા કૂટ શાલ્મલીવૃક્ષ છે. આપણો આત્માજ સ્વર્ગની કામદુધા ધેનુ છે તથા આત્માજ નંદનવન છે.

अप्पा कत्ता विकत्ता य दुक्खाण य सुहाण य ।
अप्पा मितममितं च दुपट्ठियसुपट्ठिओ ॥ २ ॥

આત્માજ સુખ અને દુઃખોના કર્તા છે. સારે માર્ગે રહેલો આત્માજ આત્માનો મિત્ર છે અને દુષ્ટ માર્ગે રહેલો આત્માજ આત્માનો શત્રુ છે.

कसमयाए समणो होइ बम्भचेरेण बम्भणो ।
नाणेण उ मुणी होइ तवेण होइ तावसो ॥ ३ ॥

સમતાથી શ્રમણુ થવાય છે બ્રહ્મચર્યથી બ્રાહ્મણુ થવાય છે. જ્ઞાનથી મુનિ થવાય છે અને તપથી તાપસ થવાય છે.

नाणस्स सव्वस्स पगासणाए अन्नाणमोहस्स विवज्जणाए ।
रागस्स दोसस्स य संखएणं पगंत सोक्खं समुवेइ मोक्खं ॥१॥

સર્વ પ્રકારના જ્ઞાનને નિર્મળ કરવાથી, અજ્ઞાન અને મોહનો નાશ કરવાથી તથા રાગ અને દ્વેષનો ક્ષય કરવાથી એકાંતિક સુખરૂપી મોક્ષ પ્રાપ્ત થાય છે.

तस्सेस मग्गो गुरुविद्धसेवा, विवज्जणा बालजणस्स दूरा ।
सज्झाएयगन्तनिसेवणा य सुत्तत्थसंचिन्तणया धिई य ॥ ५ ॥

તેનો માર્ગ આ પ્રમાણે છે: સદ્ગુરુ અને જ્ઞાનવૃદ્ધ પુરુષોની સેવા કરવી. અજ્ઞાનીઓનો સંગ દૂરથી તજવો. એકાગ્રચિત્તે સત્શાસ્ત્રનો અભ્યાસ કરવો, તેના અર્થનું ચિંતન કરીને ધૃતિ કેળવવી.

ઉત્તરાધ્યયન સૂત્રમાંથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# मंगल सिलोगा (મંગલ શ્લોકો)

સં૦ પં. હેમચન્દ્રવિજય ગણી

रिसहेसजिणं थुणिमो, संसार समुद्द पारगं, जेण ।
उव एसिओ सुधम्मो, पढमं भव्वाण इह समओ ॥ १ ॥

જે તારક પ્રથમ તીર્થંકર પરમાત્માએ આ અવસર્પિણી કાળમાં ભવ્યાત્માઓને સૌ પ્રથમ લોકોત્તર ધર્મનો ઉપદેશ આપ્યો તે સંસાર સમુદ્રની પેલે પાર જનાર શ્રી ઋષભદેવ પ્રભુને અમે સ્તવીએ છીએ. ૧

नासइ तिलोयमज्झे, उवसग्गा जस्स नामओ खिप्पम् ।
सिवसंति करो नाहो, संतिजिणो मे सिवं दिसउ ॥ २ ॥

જે પ્રભુના નામ સ્મરણથી–સ્વર્ગ-મૃત્યુ અને પાતાલ એમ ત્રણે લોકમાં સર્વ ઉપદ્રવો જલ્દીથી નાશ પામે છે. તે મંગલ–કલ્યાણને કરનારા સોળમા શ્રી શાન્તિનાથ પ્રભુ મોક્ષ આપો. ૨

बंभधरो सो विजयउ, नेमिजिणो सव्ववत्थुबोहयरो ।
धीरो महिंद महिओ, राइमई-पोम्म-सहसकरो ॥ ३ ॥

રાજીમતીના મન રૂપી કમળને વિકસાવવાં સૂર્ય સમાન–મહેન્દ્રથી પૂજાયેલ નિર્મળ કેવળજ્ઞાન વડે લોકાલોકના સર્વ ભાવોને જાણીને જણાવનાર, બ્રહ્મચારી, મેરૂપર્વત જેવા ધીર શ્રી નેમિનાથ ભગવાન વિજય પામો.

पउमावइ धरणिंदो, पयकमलं जस्स भावओ णमइ ।
नमियजण कप्परुक्खो, पासजिणिंदो सया जयउ ॥ ४ ॥

શ્રી નાગરાજ ધરણેન્દ્ર અને પદ્માવતી દેવી જેમના ચરણકમળને ભાવથી નમસ્કાર કરે છે તે ભક્તજનનાં મનોવાંછિત પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ જેવા શ્રી પાર્શ્વનાથ ભગવંત હંમેશા જયવંતા વર્તો. ૪

पयडियपयत्थसत्थो, नासियमिच्छत्त गाढयरतिमिरो ।
निच्चुग्गओ अतावो, पइं पयासेउ वीरक्को ॥ ५ ॥

વિશ્વના સમસ્ત પદાર્થોને જેમણે પ્રકાશિત કર્યાં છે, મિથ્યાત્વ રૂપી અત્યંત ગાઢ અંધકારનો જેમણે નાશ કર્યો છે, જે હંમેશા ઉદયવાળા રહે છે અને જે તાપથી રહિત છે એવા શ્રી વર્ધમાન-સ્વામી ભગવાન રૂપી સૂર્ય મોક્ષમાર્ગને પ્રકાશિત કરો. ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

चिंतियसमग्गकज्जं, सिज्जइ जस्साहिहाणगहणेणं ।
लद्धिनिहाणं थुणिमो, गुरु गोयम सामिगणनाहं ॥ ६ ॥

મનમાં ચિંતવેલા સઘળા ય કાર્યો જેમના પુણ્યનામને ગ્રહણ કરવા માત્રથી સિદ્ધ થાય છે તે લબ્ધિના ભંડાર ગુરુ ગૌતમસ્વામી ગણધર ભગવંતની અમે સ્તુતિ કરીએ છીએ. ૬

जास पसायं लघ्धुं, जायइ मुक्खो वि पंडिओ लोओ ।
सा मइ करह पसायं, मइप्पय सरस्सई देवी ॥ ७ ॥

જેઓની કૃપા દૃષ્ટિને મેળવી મૂર્ખ મનુષ્ય પણ લોકમાં પંડિત થાય છે તે મતિને આપનારી બુદ્ધિની અધિષ્ઠાત્રી શ્રી સરસ્વતી દેવી મારા ઉપર મહેરબાની કરો. ૭

पूज्जपयपोम्मजुअलो, जयउ सिरिणेमिसूरि गुरुराओ ।
तित्थोद्धारे निरओ, तवगयण दिणेसरो विप्नो ॥ ८ ॥

જેમના બે ચરણકમળ ચતુર્વિધ શ્રમણ સંઘ અને અનેક રાજાઓથી પૂજાયેલા હતા, જેઓ તીર્થોના ઉદ્ધાર કરવામાં હંમેશા પરાયણ હતા, તેવા તપાગચ્છ રૂપી ગગનમાં સૂર્ય સમાન મહા વિદ્વાન્ પરમ ગુરુવર શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજ જયવંતા વર્તો. ૮

---

( અનુસંધાન પાના ૩૭ નું ચાલુ )

કાંટા વાગે છે અને પીડા થાય છે" એ પછી ગુરુએ લાલોના ઘરનો રોટલો અને ભાગોના ઘરના માલપુઆ મંગાવ્યા. બન્નેને વારાફરતી દબાવ્યા. લાલોના રોટલામાંથી દૂધનાં ટીપાં અને ભાગોના માલપુઆમાંથી લોહીના ટીપાં પડયાં.

ભાગો ઉપર આની બહુ ઊંડી અસર પડી. એને અધર્મકૃત્યનું ઝાડ ઊગશે ત્યારે એનાં કાંટા કેવા વાગશે તેનો યથાતથ્ય ખ્યાલ આવી ગયો. પશ્ચાત્તાપ કર્યો. પાપની કમાઈનું બધું ધન દાન કરી દીધું. માયારૂપી સર્પિણીનું વિષ ઉતારી દીધું, અને અંતરમાં પરમાત્માનું સ્થાપન કર્યું.

એથી જેને આત્મા પ્રિય હોય એવા મનુષ્યોએ ચિત્તનું નિરંતર માર્જન કરતા રહેવું, એને નિર્મળ રાખવું અને એમ આત્માને સુરક્ષિત રાખવો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માની સુરક્ષા

—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

દાન્ત આત્માને જ પોતાનો મિત્ર સમજનારા અનાથ મુનિએ સમ્રાટ શ્રેણિકને કહ્યું હતું, "મગધ-પતિ શ્રેણિક ! તું સ્વયં અનાથ છે, તું મારો નાથ બનવા તૈયાર થયો છે પણ તું પોતે જ અનાથ હોઇ બીજાનો નાથ કેવી રીતે બની શકીશ ?" એ પછી શ્રેણિકની વિનંતીથી અનાથ મુનિ પોતે, અનાથ મટીને સ્થાવર-જંગમ સર્વ પ્રાણીઓના નાથ કેવી રીતે થયા, શ્રેણિક શાથી અનાથ કહેવાયા ઇત્યાદિ 'શ્રેણિકને સમજાવીને બોલ્યા :

न तं अरि कंठछेत्ता करेइ
जं से करे अप्पणिया दुरप्पा ।
से नाहिइ मच्चुमुहं तु पत्ते
पच्छाणुतावेण दयाविहूणो ॥

ઉ. સૂ. ૨૦-૪૮

દુરાચારી આત્મા જેટલું પોતાનું અનિષ્ટ કરે છે એટલું અનિષ્ટ તો ગળું કાપનારો વૈરી પણ કરતો નથી. દયા વિહીન મનુષ્ય જ્યારે મૃત્યુના મુખમાં સપડાશે ત્યારે પોતાના દુરાચારને જાણશે અને પશ્ચાત્તાપ કરશે

ભારતના અન્ય ધર્મ-સંપ્રદાયો આ જ વસ્તુ વારંવાર કહ્યા કહે છે. 'ધમ્મપદ'માં ૪૨ મી ગાથામાં બુદ્ધ ભગવાન કહે છેઃ "શત્રુ શત્રુનું કરે અથવા વૈરી વૈરીનું કરે એથી પણ વધારે બૂરું દુષ્ટ માર્ગે ગયેલું ચિત્ત કરે છે." અને શ્રીમદ્ ભગવદ્ ગીતામાં તો ભગવાન શ્રીકૃષ્ણે સ્પષ્ટ કહ્યું છેઃ उद्धरेत् आत्मनाऽऽत्मानं नात्मानमवसादयेत् । आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥ ગીતા. ૬-૫. આત્મા વડે આત્માનો ઉદ્ધાર કરવો, આત્માની અધોગતિ ન કરવી. કારણ આત્મા જ આત્માનો બંધુ છે અને આત્મા જ આત્માનો શત્રુ છે.

ભારતના તરુણ અને પ્રાણવાન ધર્મ શીખધર્મમાં ગુરુ નાનકના જીવનનો આ જ ઉપદેશને મૂર્ત કરતો ઐતિહાસિક પ્રસંગ છે:

ગુરુ નાનકદેવ ફરતા ફરતા પંજાબમાં ગુજરાનવાલા પાસે સૈદપુર ગામમાં આવ્યા. ત્યાં લાલો નામના સુથારને ઘેર ઉતારો કર્યો અને કીર્તન ચાલુ કર્યું. ગામના કેટલાય હિન્દુ-મુસલમાનો એમના તરફ આકર્ષાયા. અને બ્રાહ્મણો અને મુલ્લાંઓ ચિડાયા. ત્યાંના પઠાણ ફોજદારના વહીવટદાર મલિક ભાગો નામના પૈસાદાર અને અભિમાની અમલદાર આગળ ચાડીચૂગલી કરવા માંડી. એવામાં મલિક ભાગોને ત્યાં શ્રાદ્ધ આવ્યું. એટલે શ્રાદ્ધ નિમિત્તે સાધુ-બ્રાહ્મણોને ભોજન આપ્યું અને તેમાં નાનકદેવને પણ આમંત્ર્યા પણ એનું અપવિત્ર અન્ન જમવા નાનક ગયા નહિ. એટલે ભાગોએ રોષે ભરાઇને સિપાઇઓ મોકલી એમને તેડી મંગાવ્યા. ગુસ્સાથી લાલચોળ થઇ પૂછ્યું. "તમે મારે ઘેર જમવા ન આવ્યા અને આમ તો શૂદ્રનું જમો છો ? તમે તે કેવા છો ?"

નિર્ભય નાનકે કહ્યું "તમારા અન્નમાં ગરીબોનું લોહી છે. જ્યારે ખરા પસીનાની કમાણી કરતા લાલો (લાલદાસ)ના રોટલામાં તો દૂધની મીઠાશ છે." અને પછી સાફ વાત કરી દીધી. "બાવળના બીજમાં કાંટા નથી દેખાતા, પણ જ્યારે એ ઊગીને વૃક્ષ થાય છે ત્યારે એમાં કાંટા આવે જ છે. આથી અધર્મીનું ધન આવે છે ત્યારે દુઃખદાયક નથી લાગતું (સુંવાળું લાગે છે) પણ નિર્મળ હૃદયવાળો એ ધનનું અન્ન ખાય છે ત્યારે એને અધર્મના

(અનુસંધાન પાના ૩૬ ઉપર જુઓ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીર અને તેમના સિદ્ધાન્તો

હિન્દીમાં મૂળ લે. શ્રી દેવેન્દ્ર મુનિ શાસ્ત્રી
અનુ "રક્તનેજ" એમ એ.

ભારતિય ઇતિહાસનું બારીકાઇથી નિરીક્ષણ કરશું તો જણાશે કે આજથી છવ્વીસસો વર્ષ પહેલાની ભારતની સામાજિક અને ધાર્મિક સ્થિતિ ખૂબજ વિચિત્ર હતી. ધર્મની આધ્યાત્મિક બાજુ ઘણીખરી ગૌણુ બની ગઇ હતી. ધર્મને નામે કર્મકાણ્ડનું ચલણુ વધારે હતું. બાહ્ય ક્રિયાકાણ્ડ અને આડમ્બર એ ધર્મની શ્રેષ્ઠતા માપવાનો માપ-દંડ બની ગયો હતો, જેનું નેતૃત્વ એક વર્ગ–વિશેષના હાથમાં હતું. તેઓએ ધાર્મિક સાહિત્યને સરળ અને સરસ જનભાષામાં ન રહેવા દીધું પણ જટિલ અને અઘરી સંસ્કૃત ભાષામાં અક્ષરબદ્ધ કર્યું. તે ગ્રન્થો લોકભોગ્ય ન બન્યા પણ વિદ્વદ્-ભોગ્ય બની ગયા. સામાન્ય માણસોનો સંબંધ ધાર્મિક ગ્રન્થોથી છૂટી ગયો હતો. તેઓએ જાતિ-મદથી પ્રેરાઇને "स्त्रीशूद्रो नार्धीयेताम्" (સ્ત્રીઓએ અને શૂદ્રોએ શાસ્ત્રાભ્યાસ ન કરવો)–એવા અનેક આદેશો વહેતા કરી, જેનાથી જનમાનસ વિક્ષુબ્ધ બની ગયું. ઊંચનીચની ભાવનાઓ ફાલવા લાગી. આ સમયે ધર્મ ભાવશૂન્ય બાહ્ય કર્મકાણ્ડો અને મિથ્યા આડમ્બરોના બંધનોથી બંધાઇ ચૂકયો હતો.

ભારતનો પૂર્વ ભાગ મુખ્યપણે હિંસાયુક્ત યજ્ઞયાગાદિનું કેન્દ્ર હતો. ધાર્મિક દાસતા ચારે બાજુ પોતાનું પ્રભુત્વ જમાવી રહી હતી. સામાન્ય જનમાનસ વિકૃત વાતાવરણથી ગળે આવી ગયું હતું અને તે એવા કોઇ દિવ્ય ભવ્ય પ્રકાશપુંજની અવિરત રાહ જોઈ રહ્યુ હતું કે જે લોકોને ધર્મનું પ્રકાશન અને સાચું માર્ગદર્શન આપી શકે.

એવા સમયમાં ચૈત્ર શુદી તેરશને દિવસે મગધના વિદેહ જનપદમાં વૈશાલીમાં ક્ષત્રિયકુંડના અધિપતિ રાજા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાને ત્યાં ભગવાન મહાવીરનો જન્મ થયો.

મહાવીર બાલ્યાવસ્થા વીતાવી યુવાન બન્યા પણ તેમનામાં મર્યાદાહીન ઉન્માદ નથી કે નથી તેમનામાં ભોગાસક્તિ કે વિહ્વળતા. માતાપિતાના આગ્રહથી તેઓ વિવાહ કરી સંસારમાં રહ્યા તો ખરાં પણ જળ–કમળવત્ નિર્લેપભાવે.

માગસર માસની દશમને દિવસે ત્રીશ વર્ષની ઉમ્મરે તો એકાકી સંયમના કઠોર કંટકપૂર્ણ મહા-માર્ગ પર આગળ વધ્યા. સાધનાસમયે તેઓ એકાન્ત–શાન્ત નિર્જન સ્થાનમાં જઇ ધ્યાનસ્થ થતા. ઊંડું ચિન્તન કરતા. તેમના સાધના સમયનું રોમાંચક વર્ણન આચારાંગ, આવશ્યક ચૂર્ણિ, મહા-વીરચરિત, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત વગેરે ગ્રન્થોમાં વિસ્તારથી આપવામાં આવ્યું છે. મહાવીરની પ્રસ્તુત ઉગ્ર સાધના જૈન તીર્થંકરોના જીવનમાં સૌથી વધુ કઠોર છે. આચાર્ય ભદ્રબાહુજીએ સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે, "સર્વ અર્હંતો અને તીર્થંકરોમાં વર્ધમાન મહાવીરનું તપ ઉગ્ર હતું."

બાર વર્ષ અને છ માસ સુધી તેઓએ ઉગ્ર સાધના તપશ્ચર્યા કરી, દુઃસહ કષ્ટો સહ્યાં અને આધિભૌતિક અને આધિદૈવિક ઘોર ઉપસર્ગોના ઝંઝાવાતમાં પણ અચળ હિમાલયની જેમ સાધનાના નિષ્કંપ દીપને જલતો રાખ્યો. છેવટે વૈશાખ શુદી દશમને દિવસે તેઓએ મહાપ્રકાશ પ્રાપ્ત કર્યો—કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. તેઓ સ્વયં જ્યોતિર્મય બની ગયા. સર્વજ્ઞ બની ગયા.

ભગવાન ત્યાંથી મધ્યમ પાવાપુરી પધાર્યા. સમવસરણની રચના કરવામાં આવી. સભા ઉપ-સ્થિત થઈ. આ યુગના દિગ્ગજ વિદ્વાન સર્વ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાસ્ત્ર પારંગત ઇન્દ્રભૂતિ ગૌતમ પણ આવ્યા. ભગવાનની પ્રકાશમાન મુખમુદ્રાએ પ્રથમ દર્શને જ ઇન્દ્રભૂતિને આકર્ષ્યા. અને જ્યારે પ્રભુની વાણીમાં સ્વતઃ તેમની માનસિક શંકાઓનું સમાધાન થયું ત્યારે તેઓ શ્રદ્ધાથી ગદ્‌ગદ્ બની ગયા. તેઓ પ્રભુના ચરણોમાં નમી ગયા, પરમ સત્યનું દર્શન પ્રાપ્ત કરીને કૃતાર્થ થયા. ભગવાને ઇન્દ્રભૂતિની ચિન્તનધારાને નવો વળાંક આપ્યો, અનેકાન્ત દૃષ્ટિ આપી. સત્ય સમજવા માટે નવા માપ અને વિધાન આપ્યા દ્વાદશાંગીના ગહન જ્ઞાનની ચાવી "उप्पन्नेइ वा, विगमेइ वा, ध्रुवेइ वा"ના રૂપમાં આપી. આ પ્રકારે ઉત્પત્તિ સ્થિતિ અને વિલયની આ ત્રિપદી વામનરૂપધારી વિષ્ણુના ત્રણ કદમની જેમ વિશ્વના સંપૂર્ણજ્ઞાનને માપનારી સિદ્ધ થઇ.

ભગવાન મહાવીર ક્યાં-ક્યાં અને કેવા રૂપમાં ધર્મની જ્યોતિ પ્રગટાવતા રહ્યા, કોણ કોણ તેમના અનુયાયી બન્યા, કોણ કોણ તેમના પ્રતિસ્પર્ધી હતા વગેરે વિષયો પર હું વિસ્તારથી વર્ણન કરતો નથી પણ મૂળ ગ્રન્થો વાંચવાની પ્રબળ પ્રેરણા આપું છું.

**મહાવીરના સિદ્ધાન્તો :-**

શ્રમણ ભગવાન મહાવીરે આચારના ક્ષેત્રમાં અહિંસાની પ્રતિષ્ઠા કરી. અહિંસા એ જૈન આચારનો પ્રાણ છે. અહિંસાનું જેટલું સૂક્ષ્મ વિવેચન અને વિશ્લેષણ જૈન આચાર પરંપરામાં ઉપલબ્ધ છે એટલું કોઈપણ જૈનેતર પરંપરામાં નથી. અહિંસાનો મૂળ આધાર આત્માની સમાનતા છે. પ્રત્યેક આત્મા પછી ભલે તે પૃથ્વીકાય હોય કે અપ્‌કાય હોય, તેજસ્કાય હોય કે વાયુકાય હોય, વનસ્પતિકાય હોય કે ત્રસકાય હોય, તાત્ત્વિક દૃષ્ટિએ એ બધાએ સમાન છે. સુખદુઃખનો અનુભવ, જીવન મરણની પ્રતીતિ પ્રત્યેક પ્રાણીને સરખી હોય છે. દરેકને પોતાનું જીવન પ્રિય હોય છે અને મરણ અપ્રિય હોય છે. સુખ પ્રિય હોય છે ને દુઃખ અપ્રિય હોય છે. અનુકૂળતા પ્રિય હોય છે, ને પ્રતિકૂળતા અપ્રિય હોય છે. કોમળતા પ્રિય હોય છે ને કઠોરતા અપ્રિય હોય છે. સ્વતંત્રતા પ્રિય હોય છે અને પરતંત્રતા અપ્રિય હોય છે. એટલા માટે આપણું કર્તવ્ય એ છે કે આપણે કોઇને પણ દુઃખ કે હાનિ ન પહોંચાડવી. માત્ર શરીરથીજ નહિ, મનથી પણ અને વચનથી પણ એવું ચિન્તન કે ઉચ્ચારણ ન કરવું. મન, વચન અને કાયાથી કોઇપણ પ્રાણીને જરા પણ દુઃખ ન આપવું એ પૂર્ણ અહિંસા છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી આ અહિંસક ભાવના જૈન દર્શનની પોતાની મૌલિક દેન છે.

અહિંસાને કેન્દ્રબિન્દુ માનીને સત્ય, અસ્તેય, અમૈથુન અને અપરિગ્રહનો વિકાસ થયો. આત્મિક વિકાસને માટે અને કર્મબન્ધનને રોકવા માટે આ વ્રતની અનિવાર્યતાનો સ્વીકાર થયો છે.

જેવી રીતે આચારના ક્ષેત્રમાં અહિંસા મુખ્ય ગણાઈ છે, તેવી રીતે વિચારના ક્ષેત્રમાં અનેકાન્ત મુખ્ય છે. અનેકાન્તદૃષ્ટિનો અર્થ છે 'વસ્તુનો સર્વતોમુખી વિચાર'. વસ્તુમાં અનેક ધર્મ હોય છે. તેમાંથી કોઇ એક ધર્મનો આગ્રહ નહિ રાખીને અપેક્ષાભેદથી બધા ધર્મોનો સમાન રૂપે વિચાર કરવો એ અનેકાન્ત દૃષ્ટિનું કાર્ય છે. અનેકધર્માત્મક વસ્તુના નિરૂપણ માટે 'સ્યાત્' શબ્દનો પ્રયોગ જરૂરી છે. 'સ્યાત્'નો અર્થ છે કોઇ અપેક્ષા વિશેષથી કોઇ એક ધર્મની દૃષ્ટિએ કથન કરવું તે. વસ્તુના અનન્ત ધર્મોમાંથી કોઇ એક ધર્મનો વિચાર એ એક દૃષ્ટિએ કરવામાં આવે છે. બીજા ધર્મનો વિચાર એ બીજી દૃષ્ટિએ કરવામાં આવે છે. આ રીતે વસ્તુના ધર્મભેદથી દૃષ્ટિભેદ ઉત્પન્ન થાય છે. આ અપેક્ષાવાદ કે સાપેક્ષવાદનું નામજ સ્યાદ્‌વાદ છે.

સ્યાદ્‌વાદ જીવનના ગુંચવાયેલા પ્રશ્નને ઉકેલવાની એક વિશેષ પદ્ધતિ છે. તેમાં અર્ધસત્યનું સ્થાન નથી કે નથી તેમાં સંશયવાદનું સ્થાન. પણ ખેદ એ વાતનો છે કે ભારતનો મુખ્ય વિદ્વદ્‌ગણ પણ સ્યાદ્‌વાદના સાચા સ્વરૂપને સમજી શક્યો નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બ્રહ્મસૂત્રના ભાષ્યકાર આચાર્ય શંકર, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એસ. રાધાકૃષ્ણન સુપ્રસિદ્ધ સાંખ્યદર્શનના વિદ્વાન પ્રો મહલોનોવીસ વગેરે વિદ્વાનોએ સ્યાદ્વાદને અર્ધસત્ય અને સંશયવાદનું નામ આપ્યું છે. તે વિદ્વાનોનું અનુસરણ બીજા અનેક સાહિત્યકારોએ કર્યું છે. હાલમાં પ્રકાશિત 'ગાંધીયુગ પુરાણ'ના બીજા ખંડમાં શેઠ ગોવિંદદાસ તથા ડૉ. ઓમપ્રકાશે પ્રસ્તુત ગ્રન્થમાં સ્યાદ્વાદનો ઉલ્લેખ સંશયવાદ તરીકે કર્યો છે ગ્રન્થની ભૂમિકામાં ડૉ. કવિવર રામધારીસિંહ 'દિનકર'જીએ પણ એ વાતને સમર્થન આપ્યું છે. વિદ્વાનો સ્યાદ્વાદને સાચા સ્વરૂપમાં સમજી શકે એ દૃષ્ટિએ આ પંક્તિઓ લખીએ છીએ.

જીવનનો વ્યવહાર વિધિ–નિષેધના બે પાસાઓની વચ્ચે ચાલી રહ્યો છે. દાર્શનિક શબ્દાવલિમાં એને સત્–અસત્, એક–અનેક, નિત્ય–અનિત્ય, વાચ્ય–અવાચ્ય વગેરે કહેવામાં આવેલ છે. વ્યવહારમાં વિધિ નિષેધનો ક્રમ ચાલી રહ્યો છે. પ્રશ્ન એ છે કે વિરોધી શબ્દોને એકજ પદાર્થમાં કેવી રીતે નિરૂપણ કરી શકાય ? જે પદાર્થમાં જે સત્તાને (અસ્તિત્ત્વને) ગ્રહણ કરવામાં આવે છે તે જ પદાર્થમાં પ્રતિષેધ પણ હોઇ શકે ખરો ? સ્વીકાર અને નિષેધ, અસ્તિત્વ અને નાસ્તિત્વ એમાં એક કઠીન સમસ્યા છે, અહીંથીજ સંશયનો પ્રારંભ થાય છે. ભગવાન મહાવીરે 'સ્યાદ્ અસ્તિ સ્યાદ્ નાસ્તિ'ના આધારથી પ્રસ્તુત સમસ્યા ઉકેલી છે. સાપેક્ષ તથા નિરપેક્ષ ઉભય સ્વરૂપાત્મક વસ્તુના સ્વભાવને ગ્રહણ કરવો એજ યથાર્થ દૃષ્ટિ છે. કોઇપણ પદાર્થનો આત્યંતિક નિષેધ અને આત્યન્તિક વિધાન હોઈ શકે નહિ જે અપેક્ષાએ તે પદાર્થ છે તે અપેક્ષાએ તે છે. જે અપેક્ષાએ તે પદાર્થ નથી, એ અપેક્ષાએ તે નથી.

દરેક પદાર્થમાં અનેક ધર્મોની સત્તા છે. અને તે સ્વભાવમાં તે બીજા સ્વભાવની પ્રતિરોધી નથી. એટલા માટે જ વિરોધી યુગલોનું સહઅસ્તિત્વ સહજ રૂપે સંભવિત છે. પાણી જીવન પણ છે અને ડૂબનારાને માટે સંહારક પણ છે. અગ્નિ જીવનપ્રદાન કરનારૂં તત્ત્વ પણ છે અને ઉગ્રરૂપ ધારણ કરીને તે નાશ પણ કરી શકે છે. ઊનનું વસ્ત્ર શરદીમાં ઉપયોગી છે અને ગરમીમાં નિરૂપયોગી છે ગરિષ્ઠ સ્વસ્થ વ્યક્તિને માટે સ્વાસ્થ્યપ્રદ છે પણ રોગીને માટે હાનિકારક છે. આ પ્રકારે દરેક કાર્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની સીમાથી આબદ્ધ છે.

દરેક પદાર્થમાં વિરોધી યુગલ (દ્વંદ્વ)નું એકી સાથે અસ્તિત્ત્વ છે' તેનાથી વ્યક્તિ ભ્રમણામાં પડી જાય છે, કારણ કે વ્યક્તિનું ચિન્તન હંમેશા નિરપેક્ષ રીતે ચાલે છે, જ્યારે તેનો દરેક વ્યવહાર અપેક્ષાની સાથે બંધાયેલો છે. જ્યારે પદાર્થના અસ્તિત્ત્વ પક્ષનું કથન થતું હોય છે ત્યાર એજ પદાર્થના બીજા પક્ષોનું નાસ્તિત્ત્વ પણ અભિવાચ્ય થઈ શકતું નથી. કેવળ મુખ્ય અને ગૌણનો જ પ્રશ્ન છે.

ભગવાન મહાવીરે કહ્યું છે કે દરેક ક્ષણે દરેક પદાર્થમાં ઉત્પાદ અને વ્યય થાય છે અને સાથોસાથ તે ધ્રુવ પણ હોય છે, જેથી તે સત્ અસત્‌માં બદલાતું નથી.

સત્ય અનુભૂતિ ગમ્ય છે. અનુભૂતિ એકાંશગ્રાહી અને સર્વાંશગ્રાહી એમ બન્ને સ્વરૂપે હોય છે. પરંતુ અભિવ્યક્તિ સર્વાંશગ્રાહી નથી હોતી, તે એકાંશગ્રાહીજ હોય છે. તે હંમેશ એક અંશને જ પ્રસ્તુત કરે છે. જ્ઞાનના અનન્ત પર્યાય છે વ્યક્તિ પોતાની શક્તિ અનુસાર તેમને અધિકૃત કરે છે. અભિવ્યક્તિનું માધ્યમ શબ્દ છે. અનુભૂતિની પૂર્ણતા અને અધિકતા હોવા છતા પણ તે એક અંશને પ્રસ્તુત કરે છે. વક્તા પોતાની સમસ્ત અનુભૂતિઓને એકી સાથે વ્યક્ત કરી શકતો નથી. જેટલી તે વ્યક્ત કરે છે એટલી સાંભળનાર ગ્રહણ કરતો નથી. જેટલી ગ્રહણ થાય છે એ અપેક્ષાની સાથે સંયુક્ત થઈને જ થાય છે તેથી સત્ય સદા અપેક્ષાયુક્ત જ હોય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભગવાન મહાવીરે સાપેક્ષવાદના રૂપમાં સ્યાદ્‌વાદનું નિરૂપણ કર્યું છે. વિજ્ઞાનના ક્ષેત્રમાં આલ્બર્ટ આઈન્સ્ટાઈને સાપેક્ષવાદના રૂપમાં તેનો વિસ્તાર કર્યો છે. સ્યાદ્‌વાદનો મુખ્ય વિષય જડ અને ચેતન છે. જ્યારે આઈન્સ્ટાઈને તેમાં આકાશ અને કાળની યોજના કરીને તેને વિશેષ આધુનિક શૈલીમાં પ્રસ્તુત કર્યો છે. બન્નેમાં અદ્‌ભુત સમાનતા છે.

જે વિદ્વાનોએ સ્યાદ્‌વાદને અર્ધસત્ય અને સંશયવાદ કહ્યો છે તેઓનું મંતવ્ય સાપેક્ષવાદની બાબતમાં એવું નથી આશ્ચર્યની વાત છે કે સ્યાદ્‌વાદ અને સાપેક્ષવાદના વિવેચનમાં શાબ્દિક અંતર સિવાય બીજું કોઇ મૌલિક અન્તર નથી તો પણ તેઓએ આ બન્નેની બાબતમાં ભિન્ન મત કયા આધાર પર પ્રગટ કર્યો છે ?

પ્રશ્ન સહજ રીતે થાય છે કે વિદ્વાનોની આ ભૂલ કઇ રીતે થઈ ? તેના અનેક કારણ છે. સ્યાદ્‌વાદ શબ્દ 'સ્યાદ્' અને 'વાદ' એ બે શબ્દો મળીને થયો છે. સ્યાદ્ અવ્યય છે. તેના અનેક અર્થ છે જેમકે—સંભાવના, વિધાન, પ્રશ્ન, કથંચિત્, અપેક્ષાવિશેષ, દૃષ્ટિવિશેષ, કોઈ એક ધર્મની વિવક્ષા વગેરે. પરંતુ ખેદ છે કે વિદ્વાનોએ તેના કેવળ સંભાવનાત્મક અર્થ પર જ ધ્યાન આપ્યું છે અને એ દૃષ્ટિએ તેઓએ સ્યાદ્‌વાદને સંશયવાદ કહ્યો છે.

આચાર્ય શંકરના સમયમાં શાસ્ત્રાર્થ પરંપરા હતી. અને તેમાં એક-બીજાનું ખંડન મંડન મુખ્યતયા થતું હતું. સ્યાદ્‌વાદનો ઉપહાસ કરવાની દૃષ્ટિથી તેઓએ તેને સંશયવાદના રૂપમાં ઉપસ્થિત કર્યો છે જે સર્વથા ભૂલભરેલું છે.

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એસ. રાધાકૃષ્ણન્, પ્રો. મહલેનોબીસ, ડૉ. રામધારીસિંહ 'દિનકર', ડૉ. શેઠ ગોવિન્દદાસ વગેરે પરિહાસની પરંપરાથી ઘણા દૂર છે તોપણ આચાર્ય શંકર દ્વારા કહેવાયેલ સંભાવનાત્મક અર્થથી તેઓ જરા પણ દૂર થઇ શક્યા નથી. શબ્દોની હેરફેરની સાથે તેઓ પોતાના ગ્રન્થો અને લેખોમાં એ વાત ફરી ફરી કહેતા રહ્યા. ખેદ છે કે આપણે પોતાની દૃષ્ટિએ કોઇપણ વિષયના ઊંડાણ સુધી પહોંચતા નથી અને પુરાણી વાતને જ વળગી રહ્યા. વિદ્વાનોએ પ્રાચીન ત્રુટીઓને દૂર કરી સ્યાદ્‌વાદને સાચા સ્વરૂપમાં સમજવો જોઇએ.

"શ્રમણ"માંથી સાભાર ઉદ્ધૃત


# "શ્રી ઇડર પાંજરાપોળને મદદ કરો"

**સુજ્ઞ દાનવીર મહાનુભાવો,**

સવિનય વિજ્ઞપ્તિ કે:—ગુજરાતના સાબરકાંઠા જીલ્લાના ઇડર પાંજરાપોળ સંવત ૧૯૭૦ની સાલમાં શ્રીમદ્ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયકમળસૂરીશ્વરજી મહારાજશ્રીના સદ્ ઉપદેશથી સ્થપાએલ છે. આ સંસ્થા સરકાર માન્ય તેમજ પબ્લીક ટ્રસ્ટ નીચે રજીસ્ટર થયેલ છે. સંસ્થામાં હાલ ૬૦૦ ઉપરાંત જાનવરો છે. અબોલ મુંગા જીવોના નિભાવ માટે કાયમી કંઇ ફંડ નથી. ફક્ત દાનવીરોની મદદ ઉપર જ આ સંસ્થાનો મુખ્યત્વે કરી નિભાવ થાય છે આપને વિનંતી છે, આપ કરુણાભાવથી પ્રેરાઇ આ સંસ્થાને અનેક રીતે મદદ કરી શકો તેમ છો તો ઉદાર હાથે રોકડ, ઘાસ, કપાસીયા અને અન્ય મદદ મોકલી આ દુષ્કાળના અસહ્ય સંજોગોમાં મુંગા જીવોના નિભાવમાં સહાય કરશો અને પુણ્ય ઉપાર્જીત કરશો તેવી અભ્યર્થના.

મદદ મોકલવાનું સ્થળ :—

**શ્રી ઇડર પાંજરાપોળ સંસ્થા**
જુના બજાર કાર્યાલય,
ઈડર (જી. સાબરકાંઠા)

**બાબુલાલ ડાહ્યાલાલ સુખડીયા**
માનદ્ વહીવટદાર
ઇડર પાંજરાપોળ સંસ્થા




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી મહાવીર જન્મ કલ્યાણક ઉત્સવ પ્રસંગે—

# પ્રભુ–ચરણે

## પંચકાંજલિ

(લે૦ ડૉ. ભાઈલાલ એમ. બાવીશી M. B. B. S. પાલીતાણા)

[પ્રભુ મહાવીરના આગામી જન્મ અને નિર્વાણ કલ્યાણક મહોત્સવ પ્રસંગે ભગવાનના જીવન અને કવનના ઉપલક્ષમાં એ મહાવિભૂતિની અપૂર્વ વીરતા, જીવન માંગલ્ય, જગદુદ્ધાર, આત્મસમર્પણ, અને શાસન પ્રભાવના આદિ અનેકાનેક ગુણોનું સ્મરણ કરી ધન્ય બનીએ અને એમને અનુસરીએ અને 'જય-મહાવીર'નો નાદ-નિનાદ દિગંતમાં ગજવીએ !]

### (હાઈકુ)

**શ્રી**

પ્રારંભ ટાણે,
શ્રી અને સરસ્વતી,
માંગલ્ય બક્ષે !—(૧)

**મહાવીર**

દાખવી શૌર્ય,
બાહ્યાંતર ક્ષેત્રમાં,
વીર બનતા !—(૨)

**જન્મ**

જગમાં આવી,
વિશ્વ જીતો ઉતારી,
ધન્યતા વર્યા !—(૩)

**કલ્યાણક**

ત્રિલોક હિતે,
તન મન સમર્પી,
જગને તાર્યું—(૪)

**ઉત્સવ**

પ્રભુ સ્મરણે,
શ્રમણ શ્રાવક સૌ,
નાચે ! આનંદે !—(૫)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દયા ખાજો એ દેશની!

મારા મિત્રો! મારા સાથીઓ!
દયા ખાજો એ દેશની,
જ્યાં લાંચ લેનારાઓ નેતા ગણાય છે.
જ્યાં વૈભવશાળી વિજેતાઓને
ઉદારતાના વાઘા પહેરાવાય છે! (૧)

લ્યાનત વરસાવજો એ રાષ્ટ્ર પર,
જેના નેતાઓ શિયાળ જેવા ચાલાક છે અને
જેના ચિંતકો મદારી જેવા લુચ્ચા છે,
જેની કલા વર્ણશંકર અને કઢંગી
નકલ માત્ર છે (૨)

દયા ખાજો એ દેશની,
જેના લોકો એવા વસ્ત્રો પહેરે છે,
જેને તે પોતે વણતાં નથી.
એવું અનાજ ખાય છે
જે પોતે ઉગાડતા નથી! (૩)

લ્યાનત વરસાવજો એ દેશ પર
જે વિચારે છે તો ઘણું ઘણું
પણ ધર્મ અને સંસ્કૃતિના નામે
મૂડીમાં જેની પાસે છે મીંડું! (૪)

દયા ખાજો એ દેશની,
જે સ્વપ્નમાં જે વસ્તુની, ધૃણા કરે છે અને
જાગૃતાવસ્થામાં તેની જ આગળ
મસ્તક ઝૂકાવે છે! (૫)

દયા ખાજો એ દેશની,
જેના સંત-મહાત્મા બહેરા અને મૂંગા છે.
અને જેના મહા પુરુષ હજુ
પારણામાં ઝૂલી રહ્યાં છે! (૬)

લ્યાનત વરસાવજો એ દેશ પર
જે ટુકડાઓમાં વહેંચાયેલો છે
અને જેનો દરેક ટુકડો પોતાને
એક રાષ્ટ્ર માને છે! (૭)

મૂળ : ખલિલ જિબ્રાન
ભાવાનુવાદ : બી. જે. કાપડી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માવલંબનનો ઉત્કૃષ્ટ આદર્શ—પ્રભુ મહાવીર

ભાનુમતી દલાલ

પ્રભુ મહાવીરનું જીવન એટલે પ્રબળ પુરુષાર્થ અને આત્માવલંબનનો ઉત્કૃષ્ટ આદર્શ. પ્રભુ મહાવીરે દીક્ષા લીધા પછી એમની સાડાબાર વર્ષની સાધના કાળમાં જેટલા કષ્ટો અને દુઃખોનો સામનો કર્યો એટલો બીજા કોઇ તીર્થંકર પરમાત્માએ પોતાના જીવનમાં કર્યો નહતો. જંગલોમાં, અનાર્યભૂમિમાં, લાટ દેશમાં, અજ્ઞાની ગોવાળો, ભરવાડો વગેરે દ્વારા પ્રભુને અનેક રીતે કષ્ટોનો સામનો કરવો પડયો હતો પ્રત્યેક અમિષ્ટ બળે એમને અસહ્ય યાતનાઓ આપી હતી. પ્રકૃતિના તાંડવ નૃત્યો પણ તેમણે અનુભવ્યા હતા. અને છતાંએ એ સૌની સામે અડગતાથી અને નિશ્ચલતાથી ઉભા રહ્યા. માટેજ પ્રભુ મહાવીરના જીવન પ્રસંગો આપણા સૌના જીવનમાં ઉતારવા માટે જ્ઞાનશાળા રૂપ છે. પ્રભુ મહાવીરના એકાદ પ્રસંગનું વિહાંગવલોકન કરીએ.

પ્રભુ મહાવીરની સાધના પોતાના બળ અને આત્માવલંબનના જોર ઉપર ચાલતી હતી. તેઓ પોતાના સાધના કાળમાં એક કરતા એક વધારે ને વધારે ભયંકર આપત્તિઓનો સામનો કરી રહ્યાં હતા. ભયંકર તોફાનો અને ઝંઝાવાતો સામે તે પડકાર ફેંકતા હતા. એમની માનસિક સ્થિરતાના કારણે ઉપસર્ગોની ભયંકર હાડમારીઓ તેમના સાધનાના માર્ગને જરાપણ રૂકાવટ ન્હોતી કરતી (એટલો એમનો આત્મિક ઉપયોગ જાગૃત હતો.) આત્મજાગૃતિ તથા માનવસહજ અનુકંપા અને સહિષ્ણુતાના સામર્થ્યથી તો આ સાધનાના પંથે આગળ વધતા હતા. જેનામાં આત્મશ્રદ્ધા અને સ્વાવલંબનનું બળ હોય તેને જગતનું કોઇ તત્ત્વ અવરોધક નથી બની શકતુ પ્રભુ મહાવીરે આવી કષ્ટમય આપત્તિઓમાં પોતાને કયાંકથી સહાયતા પ્રાપ્ત થાય એનો વિચાર સુદ્ધાં કર્યો નથી. સ્વયં સહાયતા માંગવાની વાત તો બાજુએ રહી પણ ભક્તિભાવથી સેવામાં હાજર રહેનારા દેવોની વાત પણ તેમણે સાંભળી ન હતી. પ્રભુ મહાવીરનો સ્વાશ્રયીપણાનો અને સ્વબળે સિદ્ધિ મેળવવાનો આ એક આદર્શ પુરાવો છે.

એકવાર પ્રભુ મહાવીર ઉપર અજ્ઞાની લોકો અનેક કષ્ટો અને યાતનાઓ નાખી રહ્યાં હતાં તે ઇન્દ્રમહારાજ ન જોઇ શકયા એટલે તેઓ પ્રભુ પાસે આવી વિનમ્ર ભાવે બોલ્યા 'હે ભગવાન! જ્ઞાનથી આપના સાધના માર્ગમાં તોફાનો, સંકટો અને સંઘર્ષો આવશે આ અજ્ઞાની લોકો તો આપના માર્ગમાં આવા અસહ્ય, અને દુર્દમ્ય વિઘ્નો નાંખ્યા જ કરશે. અને આપતો મૌન વ્રતધારી છો એમને ખબર નથી કે આપ કોણ છો? આપ શેના માટે આવા કષ્ટો સહન કરી રહ્યાં છો? માટે હે પ્રભુ આપ આજ્ઞા આપો! "આ સેવક આપની સેવામાં હાજર રહેવા તૈયાર છે માનવી, દૈવી કે પાશવી કોઇપણ ઉપસર્ગોની છાયા પણ આપના પર નહી પડવા દઉ અને આપ શાંતિ અને સમાધિથી બધી સાધના કરી શકશો. અજ્ઞાની લોકો આપને ચોર કહી ચોરીનો આરોપ ચઢાવી આપને ભયંકર ત્રાસ પણ આપશે તેથી પ્રભુ મારાથી આ કેમ સહન થશે?"

પ્રભુ મહાવીરે મૌન તોડી પોતાની મધુર ભાષાથી સમજાવ્યું 'ઇન્દ્ર, મારી સેવાના અર્થે તું મારી રક્ષા કરીશ પણ એક વાત તું ભૂલી જાય છે. અનંતકાળથી ચાલ્યુ આવતું એક મહાન સત્ય તને સમજાવું. કોઈપણ આત્મસાધક આ વૈભવોના સહારે જીવનના મહાન આદર્શો પાર પાડી નથી શકતો અગર બીજાના સહારે જીવનના પથ ઉપર દોટ નથી મૂકી શકતો. બીજાના બળ ઉપર કોઇપણ સાધક આત્માના પ્રકાશને પામી નથી શકતો. એજ રીતે હું પણ સાધક છું. પોતાના આત્માની ઉન્નતિ અર્થે અન્યનું અવલેખન શા માટે? એવી નિર્બલના દર્શાવે તો એ સાચો સાધક આત્મા ન ગણાય, સિદ્ધિના માર્ગે મનુષ્યે પોતાની આત્મજ્યોતિ અને શક્તિથી આગળ વધવું પડે. અને એમાં જે આનંદ છે તેની આગળ આવા ઉપસર્ગો અને યાતનાઓનું કંઈ મૂલ્ય નથી. આ તો બધી શરીર પરની આપત્તિઓ છે. દેહનો ધર્મ દેહ બજાવે આત્મા તો અનંત અને અવિનાશી છે એનાપર એની કોઇ છાયા નથી પડતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારા માર્ગના કષ્ટો કે ઉપસર્ગોને મારા પુરુષાર્થ વડે મારેજ દૂર કરવાના છે. આવા જીવન સંઘર્ષો સામે મારેજ લડવાનું છે. જે કોઈ કષ્ટ આવે તો ભલે આવે, કોઇપણ મરણાંત આપત્તિ આવે. તો ભલે આવે આ બધા સંકટોને હસતે મુખડે સામનો કરતા કરતા હું મારૂં આત્મગાન ગાતો રહીશ અને તેઓને હાસ્યથી વધાવીશ. આ કષ્ટો, આ તોફાનો, આપત્તિઓ કે ઉપસર્ગો તો મારી તેજસ્વી આત્મિક સાધના આગળ શું વિસાતમાં છે? શરીર અને ઇન્દ્રિયો છે ત્યાં સુધીજ આ દેહ છે જ્યારે આ શરીર માટીના પીંડ સાથે મળી જશે ત્યારે મારા આત્મા સુધી કોઈજ પહોંચવાનું નથી. શરીર જડ છે. એ જડ સાથે જેને ગમે તેટલા કષ્ટો આપવા હોયતો ભલે આપે! મને તેની કોઇ અસર નથી. કષ્ટોરૂપી અગ્નિજ્વાલામાં પડીને મારો આત્મા સુવર્ણ જેવો શુદ્ધ નિર્મળ બની જશે.

ઇન્દ્ર મહારાજાએ કહ્યું પ્રભુ આપની વાત સત્ય છે પણ મારૂં મન આપને આટલુ કષ્ટ પડે તે જોવા કેમ તૈયાર થાય? જોકે આપ દુર્બળ નથી આપ કષ્ટોથી ગભરાતા નથી. આપને સહાયતાની કોઇ જરૂર નથી. એ બરાબર મારી તીવ્ર ઇચ્છા છે કે આપની સેવામાં રહી આપને કોઇ કષ્ટ પડવા ન દઉં. આ રીતે આપના તરફના કર્તવ્યથી મારા હૃદયમાં આપનું કંઇ નથી કરી શકતો એ દર્દ તો દૂર થશે. તેમણે ફરી ફરી પ્રભુને વિનમ્ર સ્વરે વિનંતી કરી.

પ્રભુએ કહ્યું, "હે દેવેન્દ્ર તારી વાત તારી દૃષ્ટિએ સાચી છે. પરંતુ આ તો એક પ્રકારની ગુલામી થઇ. કોઇપણ જાતની ગુલામીનો મારી પ્રકૃતિ સાથે મેળ નહિ જામે. હું આનાથી તદ્દન નિરાળો છું અને આ સંસારને છોડવા મેં દૃઢ સંકલ્પ કર્યો છે. સાધકની સાધના પોતાની શક્તિ તથા આત્મબળ ઉપર આધાર રાખે છે. કોઇપણ આત્મવીર ઇન્દ્ર, મહેન્દ્ર અગર ચક્રવર્તીના બળ ઉપર સિદ્ધિ પ્રાપ્ત નથી કરી શકતો, વર્તમાનમાં પણ નહિ કરી શકે અને ભવિષ્યમાં પણ નહિ કરી શકશે. આ સનાતન સત્ય છે. સહાયતા અને સાધના બન્ને પરસ્પર વિરોધી છે. માટે હે ઇન્દ્ર! તું કોઇ ચિન્તા ન કર, અને મને મારા સાધનાના માર્ગે જવા દે."

પ્રભુ મહાવીરની આવી પ્રભાવપૂર્ણ અને હૃદયસ્પર્શી વાણી સાંભળી ઇન્દ્ર મહારાજા સ્તબ્ધ થઈ ગયા. સાધનાનો માર્ગ તેમને એ ક્ષણે પૂર્ણપણે સમજાયો. પ્રભુ મહાવીરની નીડરતા, તેમનું અભયપણું. તેમની સમતા, તેમનું અખંડ મનોબળ જોઇ પ્રભુ મહાવીરના ચરણોમાં ઝૂકીને તે બોલ્યા, "હે નાથ! સેવકના અપરાધને ક્ષમા કરો! મારી આંખો ઉપર જે અજ્ઞાનતાના પડલો હતા તે આજે દૂર થયા છે. આપને હું શુદ્ધ અને સાચા સ્વરૂપમાં ન સમજી શકયો તે મારી અજ્ઞાનતા છે" આજે આત્મદર્શનનું સાચું સ્વરૂપ નિહાળ્યું.

પ્રભુ મહાવીર અને ઇન્દ્ર મહારાજાની વાતચીતના પ્રસંગ ઉપરથી ફલિત થાય છે કે પ્રભુ કેવા દૃઢ મનોબળવાળા અને પોતાના આત્માની તાકાત ઉપર કેટલા મુસ્તાક હતા! જે છે એ બધુ આપણા મન ઉપર છે. મનમાં એકવાર નિશ્ચય કરી કામ કરાએ તો તે પાર પડેજ છે. પ્રભુ મહાવીર પોતાના સ્વાવલંબનના જોર ઉપર જીવન સંઘર્ષો સામે ઝઝૂમતા ગયા. પોતાનીજ આત્મશક્તિ પર મનુષ્ય નિર્ભર રહે તો તેને કોઈના પર દ્વેષ કે રોષ આવેજ નહિ. પોતાના સુખદુઃખની જવાબદારી મનુષ્ય પોતેજ સ્વીકારી લે તો તેને જગત સામે ફરીયાદ કરવાનું કોઈ કારણ ન રહે. આત્માભિમુખ થવા માટે આ એક સચોટ દૃષ્ટાંત છે.

આ ચૈત્ર સુદી તેરશના દિવસે પ્રભુ મહાવીરનું જન્મકલ્યાણક છે. તે દિવસે તેમના આ પ્રસંગને વાંચી આપણા જીવનમાં થોડે ઘણે અંશે પણ ઉતારી સ્વાશ્રયી બનવા કટીબદ્ધ થઇએ અને એમને વંદન કરી વિરમીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રિયદર્શના

લેખક : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા–મુંબઈ

દીક્ષા લીધા બાદ તેર વર્ષ પછી ભગવાન મહાવીર પોતાની જન્મભૂમિ ક્ષત્રિયકુંડમાં પધાર્યા ત્યારે, ભગવાનની પુત્રી પ્રિયદર્શના અને તેના પતિ જમાલિએ વડીલોની સંમતિ પૂર્વક ભગવાન મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી, ત્યાગ-તપ સંયમ ધર્મનો સ્વીકાર કર્યો. પ્રિયદર્શનાની દીક્ષા વખતે તેની સાથે એક હજાર સ્ત્રીઓએ પણ દીક્ષા લીધી હતી અને તે ચંદનબાળા સાથે વિચરવા લાગી.

જમાલિ નિરંતર ભગવાન સાથે વિચરતો અને તેમણે અનુક્રમે અગિયાર અંગોનું અધ્યયન સમાપ્ત કર્યું. ભગવાને જમાલિને પાંચસો ક્ષત્રિય મુનિઓનો આચાર્ય બનાવ્યો અને જમાલિએ તપશ્ચર્યા તેમજ દેહદમન શરૂ કર્યાં. જમાલિ ભગવાનની સાથે જ રહેતો હતો. થોડા સમય બાદ તેણે એક વખત ભગવાન પાસે આવીને કહ્યું: 'ભગવંત! હું આપની અનુમતિથી પાંચસો સાધુઓની સાથે દેશ વિદેશમાં વિહાર કરવા ઇચ્છું છું.'

ભગવાનને જમાલિની યોગ્યતા વિષે હજુ ખાતરી ન હોવાથી અથવા ભવિતવ્યતાના ભણકારા તે સાંભળી શકયા હોય તે કારણે, જમાલિને કશો ઉત્તર ન આપતાં મૌન જાળવ્યું. જમાલિએ બીજી અને ત્રીજી વાર પણ આવી જ વાત કરી, છતાં ભગવાને તો મૌન જ જાળવ્યું. ભગવાનના આવા મૌનને અનુમતિ માની લઇ જમાલિ તો પોતાના પાંચસો સાધુઓ સાથે અન્ય પ્રદેશમાં ચાલી નીકળ્યો. વિધિની વિચિત્રતા તો એ હતી, કે ભગવાનની જ પુત્રી પ્રિયદર્શના પોતે પણ પોતાની હજાર સાધ્વીઓ સાથે જમાલિની પાછળ પાછળ ચાલી નીકળી. સંસારના સંબંધો પોકળ અને ક્ષણભંગુર છે એ સાચું હોવા છતાં, રાગદ્વેષથી મુક્ત થઇ જવા ઇચ્છતાં, સંસારને છોડી જતાં સ્ત્રી પુરુષોમાંથી પણ રાગદ્વેષનો સદંતર નાશ થવો એ તો ભારે કઠિન છે. એવું ન હોત તો પ્રિયદર્શના ભગવાનના સંઘમાંથી છૂટી પડી, ભગવાનની સંમતિ મેળવ્યા વગર અલગ થનાર જમાલિને અનુસરી ન હોત.

જમાલિનું તપ ઉગ્ર હતું અને તેનું જ્ઞાન પણ અસાધારણ કોટિનું હતું. પણ મદિરાના નશાની માફક જ્ઞાનનો પણ કોઇ કોઇને પ્રસંગે નશો ચડી આવતો હોય છે. સ્થૂલીભદ્રને એવો નશો ચડેલો અને જ્ઞાનના બળવડે સિંહ સ્વરૂપ ધારણ કરી પોતાની સાધ્વી બહેનોને દિગ્મૂઢ કરી દીધી હતી. પણ ભદ્રબાહુ સ્વામીએ તે પ્રસંગ બન્યા પછી તેને વધુ વાચના માટે અયોગ્ય માન્યા હતા. જમાલિને પણ કાંઇક આવા પ્રકારનો જ નશો ચડ્યો હતો. અધિકાર વિના માત્ર અનુકરણ ખાતર કરવામાં આવેલા તપથી માનવી શાંત બનવાને બદલે ઉગ્ર અને અભિમાની બની જતો હોય છે.

એક વખત જમાલિને પિત્ત જ્વરનો વ્યાધિ ઉત્પન્ન થઇ આવ્યો. વેદનાથી પીડિત થઇ તેણે તેના શિષ્યોને શય્યા પાથરવા માટે કહ્યું. એકાદ ક્ષણ પછી શિષ્યોને પાછું પૂછ્યું: 'મારી શય્યા તૈયાર થઇ ગઇને!' શિષ્યોએ જવાબ આપ્યો: 'ગુરુદેવ! શય્યા તૈયાર થઇ રહી છે.' શિષ્યોનો આવો જવાબ સાંભળી જમાલિના મગજની કમાન છટકી. તેણે ઉગ્ર બની જઇ શિષ્યોને કહ્યું : મહાવીર કહે છે કે ક્રિયા કરવા લાગી એટલે તે (અલગત્ત ભ. મહાવીરની આ વાત કર્મ બંધનની દૃષ્ટિએ છે) કરાઇ ચૂકી, એમ માનવું જોઇએ. વચમાં કોઇ વિઘ્ન આવે અને ક્રિયા પૂરી ન થાય તો પણ ક્રિયા કરવાના સંકલ્પના કારણે ક્રિયા કરનાર માટે તો તે કરાઇ ચૂકી ગણાય. પરંતુ મહાવીરનો આ સિદ્ધાંત જો સાચો હોત તો શય્યા પથરાવા લાગી તેજ વખતે પથરાઇ ચૂકી હોત. પણ હું તો નજરે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોઉં છું કે શય્યા પથરાયેલી નથી. મહાવીર કેવળજ્ઞાની નથી અને તે સર્વજ્ઞ પણ નથી પણ તેમનાથી વધુ જ્ઞાની તો હું છું, માટે હું જ સાચો સર્વજ્ઞ છું. જમાલિની આવી બેહૂદી વાતના કારણે તેના કેટલાએ શિષ્યો ભગવાન મહાવીર પાસે પાછા ચાલી ગયા. જમાલિ પછી સ્વચ્છંદી બની પોતાની જાતને સર્વજ્ઞ મનાવતો દેશ વિદેશ વિચરવા લાગ્યો.

પ્રિયદર્શનાશ્રી એક વખત તેની એક હજાર સાધ્વીઓ સાથે શ્રાવસ્તી નગરીમાં ઢંક નામના સમૃદ્ધિમાન કુંભારની શાળામાં ઉતર્યાં હતાં. યોગાનુયોગે જમાલિ પણ તે વખતે શ્રાવસ્તીમાં પોતાના શિષ્યો સાથે આવીને રહ્યો હતો. ઢંક, ભગવાન મહાવીરનો અનન્ય ભક્ત હતો. ભગવાનની પુત્રી પ્રિયદર્શનાને જમાલિને અનુસરતી જોઇ ઢંકને ભારે દુઃખ થયું અને કોઇ પણ રીતે પ્રિયદર્શનાને ભગવાનનો સિદ્ધાંત સમજાવવા એક યુક્તિ પણ ઘડી કાઢી.

ગોચરી અર્થે પ્રિયદર્શના જ્યારે ઢંકના નિવાસસ્થાને ગયા ત્યારે ઢંકે અગ્નિનો એક તણખો ઈરાદાપૂર્વક તેના વસ્ત્ર પર નાખ્યો. વસ્ત્રને બળતું જોઇ, પ્રિયદર્શનાએ કહ્યું: 'અરે, ઢંક! તારા પ્રમાદથી મારું વસ્ત્ર સળગી ગયું.' ઢંકે તરતજ જવાબ આપતાં કહ્યું: 'સાધ્વીજી! આપતો જૂઠું બોલી રહ્યાં છો બળતું હોય એને બળી ગયું કહેવું એ તો ભગવાન મહાવીરનો સિદ્ધાંત છે. તમે તો જમાલિને અનુસરનાર સાધ્વીજી છો, અને તેના સિદ્ધાંત મુજબ તો વસ્ત્ર બળી જાય, ત્યારે જ તે બળ્યું કહેવાય. પરંતુ આપના અત્યારના પ્રત્યક્ષ અનુભવ અને વાણી પરથી તો ભગવાન મહાવીરનું કથન સત્ય દેખાઇ આવે છે.'

પ્રિયદર્શનાશ્રીજીને સત્ય સમજાઇ ગયું. ભગવાન મહાવીરને છોડી જમાલિને અનુસરવામાં પોતે કેવી ભૂલ કરી છે તેનું તેને ભાન થઈ ગયું. જમાલિને અનુસરવું છોડી, પોતાની સાધ્વીઓ સાથે તે ભગવાન પાસે પાછી ફરી અને પોતાથી થયેલાં દોષનું પ્રાયશ્ચિત્ત લઇ શુદ્ધ થઇ.

બીજ સુંદર અને સરસ હોય પણ તેને જ્યાં વાવવામાં આવે તે ભૂમિ દોષિત હોય તો, એ બીજમાંથી સુંદર, મધુરા ફળો પ્રાપ્ત થઇ શકતાં નથી. આ રીતે જાતિ-કુળ-બળ-રૂપ-તપ રિદ્ધિસિદ્ધિ-વિદ્યા-લાભ બધાં ઉત્તમ સાધનો હોવા છતાં, એને ધારણ કરનાર પાત્ર જો અયોગ્ય-કુપાત્ર હોય તો એવું પાત્ર તે જીરવી શકતું નથી. જ્ઞાન અને તપનું જમાલિને અજીર્ણ થયું તેમ અજીર્ણ થઇ જાય છે, પચવું મુશ્કેલ બની જાય છે.

## આત્મશાંતિનો ઉપાય

જે દ્રવ્યનું જે ક્ષેત્રમાં જે કાળે જે ભાવમાં કર્મના ઉદય અનુસાર પર્યાયમાં પરિણમન થવાનું હશે તે થશે. એટલે સમતાભાવે વેદી લઇ હર્ષ-શોક-રાગ દ્વેષ-સંકલ્પ-વિકલ્પથી મુક્ત થઇ આજના દિવસમાં આનંદથી પ્રવેશ કરવો-પ્રેમથી પ્રકાશ કરવો-શાંતિથી પૂર્ણ કરવો. એ જ એક આત્મ શાંતિનો આ કળીકાળમાં ઉપાય છે.

ભૂતકાળનો શોચ ન કરવો,
આવતી કાલની ચિંતા ન કરવી. ૐ શાંતિઃ

—અમર આત્મ ચિંતન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


જૈન દર્શન, ધર્મ અને યોગ-અધ્યાત્મના વિષયનું
શ્રી મહાવીર જૈન વિદ્યાલયનું નવું પ્રકાશન
શ્રી મોતીચંદ કાપડિયા ગ્રંથમાળા, ગ્રંથાંક-૫

**શ્રી આનંદઘન-ચોવીસી**

યોગીરાજ શ્રી આનંદઘનજીકૃત મૂળ સ્તવનો, શ્રી જ્ઞાનવિમળસૂરિકૃત
ટબાનો સાર, પાઠાંતરો, શબ્દાર્થ અને સવિસ્તર વિવેચન સાથે

પહેલી આવૃત્તિ

વિવેચનકાર : સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા

સંપાદક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ

ક્રાઉન ૮ પેજી સાઈઝ; પૃષ્ઠ સંખ્યા ૫૪૦; કિંમત આઠ રૂપિયા

*

ઘણા વખતથી અપ્રાપ્ય ગ્રન્થ ફરી પ્રગટ થયો છે

પંદરમી સદીના વિદ્વાન પ્રભાવક
આચાર્ય શ્રી મુનિસુંદરસૂરિવિરચિત
આત્મસાધનામાં ખૂબ ઉપકારક થાય એવો ધર્મગ્રન્થ

**અધ્યાત્મકલ્પદ્રુમ**

[ મૂળ, અર્થ તથા સરળ વિવેચન સાથે ]

વિવેચક : સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા

છઠ્ઠી આવૃત્તિ; કિંમત આઠ રૂપિયા; ડબલ ક્રાઉન ૮ પેજી; પૃ. ૪૭૦

ઉપરોક્ત દરેક પ્રકાશન સભ્યોને સંસ્થાના મુખ્ય કાર્યાલયેથી
છ રૂપિયામાં મળશે.

પ્રકાશક

શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૩૬

*

પ્રાપ્તિસ્થાનો

શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૩૬
શ્રી મહાવીર જૈન વિદ્યાલય, પાલડી બસ સ્ટેન્ડ સામે, અમદાવાદ-૬
શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર, ગોડીજી ચાલ, પાયધુની, મુંબઈ-૨
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, ફુવારા સામે, અમદાવાદ-૧
શ્રી સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૧


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીરચરિત્ર અંગેની આગમિક સામગ્રી

( લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

આપણા આ દેશમાં– ભારતવર્ષમાં ચાલુ 'હુણ્ડ' અવસર્પિણીમાં ઋષભદેવાદિ ચોવીસ તીર્થંકરો થઈ ગયા છે. એમનાં ચરિત્રો સ્વતંત્ર તેમજ આનુષંગિક એમ ઉભય સ્વરૂપે આલેખાયાં છે. ઉપર્યુક્ત ૨૪ તીર્થંકરો પૈકી એકેનું સ્વતંત્ર અને સંપૂર્ણ ચરિત્ર ઉપલબ્ધ આગમોમાં તો નથી. આમ હોઈ મેરુવિજયગણિકૃત "ચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિ" ના મારા સ્પષ્ટીકરણમાં મેં ચોવીસે તીર્થંકરોનાં સ્વતંત્ર ચરિત્રોની સંક્ષિપ્ત નોંધ સને ૧૯૨૭માં લીધી હતી. એમાં પૃ. ૯૬માં મેં નેમિચન્દ્રે બાર હજાર શ્લોકપ્રમાણ ચરિત્ર રચ્યાનો ઉલ્લેખ કર્યો છે. જ્યારે જિનરત્ન કોશ (વિ ૧, પૃ. ૭) માં તો આ ચરિત્ર કે જેનું અપર નામ એમાં 'પૂજાષ્ટક' દર્શાવાયું છે તે ૧૮૦૦ શ્લોક જેવડું અને ૧૨૦૦ ગાથામાં રચાયાનો ઉલ્લેખ, એવી રીતે પૃ. ૧૦૯માં માણિક્યચન્દ્રે પ્રાકૃતમાં રચ્યાનો મેં નિર્દેશ કર્યો છે. જ્યારે જિ. ર, કો. (પૃ ૩૮૦)માં સંસ્કૃતમાં હોવાની નોંધ છે. ઋષભદેવાદિનાં ચરિત્રોની ઉપર્યુક્ત નોંધ લેતી વેળા શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનાં ચરિત્રોનો નિર્દેષ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો. આથી મેં આગમોદ્ધારકને મહાવીરસ્વામી સંબંધી આગમિક સામગ્રી સૂચવવા વિનંતિ કરી અને એમણે એ સાનંદ સ્વીકારી મને ઉપકૃત કર્યો. એ સામગ્રીની તેમજ અનાગમિક સામગ્રી કે જેમાં સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, અંગ્રેજી અને ફ્રેન્ચ ભાષાઓમાં જે વીરચરિત્રો અને મહાવીરસ્વામી સાથે સંબંધ ધરાવતી કેટલીક પ્રાસંગિક રચનાઓ છે તેની એક કામચલાઉ સૂચી મેં પૂર્વોક્ત સ્પષ્ટીકરણ (પૃ. ૧૬૪–૧૬૫)માં લીધી, એમાંની આગમિક સામગ્રી હું નીચે મુજબ સુધારાવધારા સાથે રજૂ કરું છું અને એમાં જે ન્યૂનતા જણાય તે સૂચવવા સહૃદય સાક્ષરોને સાદર વિનવું છું કે જેથી આ કાર્ય પરિપૂર્ણ બને :–

૧ આયાર ( સુય૦ ૧. અ. ૯). આ 'ઉપધાનશ્રુત' નામનું પ્રથમ શ્રુતસ્કન્ધનું નવમું અધ્યયન છે. એ મહાવીરસ્વામીની ઉપસર્ગવાળી તપશ્ચર્યાઓ ઉપર મહત્ત્વનો પ્રકાશ પાડે છે. એમાં જે છઠ્ઠથી માંડીને દુવાદસ (દ્વાદશભક્ત)નો ઉલ્લેખ છે. તે પ્રચલિત મંતવ્ય કે જેની નોંધ મેં સ્તુતિચતુર્વિંશતિકાના સ્પષ્ટીકરણ (પૃ. ૨૮૬)માં આપી છે તેની સાથે સરખાવવા જેવી છે. આ અધ્યયન એના ગુજરાતી અને અંગ્રેજી ભાવાનુવાદ સહિત પ્રકાશિત કરાવું જોઈએ. આ અધ્યયનનો સંક્ષિપ્ત સાર મેં "આગમોનું દિગ્દર્શન' (પૃ ૪૬–૪૭)માં આપ્યો છે.

૧ આયાર, (સુય.. ૨, ચૂલા. ૩) આ 'ભાવના' નામની ચૂલા છે. એમાં મહાવીરસ્વામીના જીવન વૃત્તાન્તને લગતી કેટલીક વિગતો છે. જુઓ આ૦ દિ૦ (પૃ. ૪૮–૪૯).

૨ સૂયગડ (સુય. ૧, અ ૬). આનું નામ 'મહાવીરસ્તુતિ' છે. એની સંક્ષિપ્ત રૂપરેખા મેં આ૦ દિ૦ (પૃ. ૧૨)માં આલેખી છે. આ અધ્યયન તેમ જ એનો ગુજરાતીમાં ભાવાનુવાદ મેં "જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીર" (પૃ. ૨૨૬–૨૪૦)માં આપ્યો છે. આ બંને તેમજ એનો અંગ્રેજી અનુવાદ પ્રચારાર્થે ઉપયોગી છે કેમકે એ મહાવીરસ્વામીનાં જ્ઞાન, શીલ અને તપનો વિવિધ ઉપમાઓ દ્વારા બોધ કરાવે છે.

૩ ઠાણ : આના સૂત્ર ૬૨૧માં મહાવીરસ્વામી પાસે દીક્ષા લેનારા આઠ નૃપતિઓનાં નામો છે. આ આગમના દસમાં સ્થાનકમાં ૧૦ સ્વપ્નોનો નિર્દેશ છે. આ તેમજ સમવાય એ સંખ્યાપ્રધાન ગ્રંથો છે. દૃયારામે 'વસ્તુવૃન્દદીપિકા' નામની પદ્યાત્મક કૃતિ દ્વારા ૧ થી ૧૦૮ સુધીની વસ્તુઓના સમૂહમાં માહિતી કોશ પૂરો પાડ્યો છે.

૪. સમવાય : આના એક કરોડમા સમવાયમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાવીરસ્વામીના તીર્થંકર તરીકેના ભવથી છઠ્ઠા 'પેટ્ટિલ' ભવમાંના એક કરોડ વર્ષ જેટલા શ્રમણ પર્યાયનો ઉલ્લેખ છે. મુનિશ્રી કન્હૈયાલાલ 'કમલ' દ્વારા સંપાદિત સમવાયાંગના પરિશિષ્ટ (પૃ.૯-૧૭) માં મહાવીરસ્વામીના મુખ્યત્વે બાહ્ય જીવનને લગતી બીનાઓ દર્શાવાઇ છે. જ્યારે આ પૂર્વે મેં આ૦ દિ૦ (પૃ. ૭૮)માં મહાવીરસ્વામી સાથે સંબંધ ધરાવનારી કેટલીક હકીકતોને લગતાં સૂત્રોના અંક વગેરેનો નિર્દેશ કર્યો છે.

૫ વિવાહપણ્ણત્તિ : આ જાતજાતના પ્રશ્નો અને એના ઉત્તરોનો ભંડાર છે. એમાં પ્રશ્નોના વિષય દીઠ વર્ગીકરણનું કાર્ય હાથ ધરાવું જોઇએ. એટલું સૂચવતો આ મહાકાય આગમમાં મહાવીરસ્વામી સાથે એક યા બીજી રીતે સંબદ્ધ નિમ્નલિખિત વ્યક્તિઓનો નિર્દેશ છે: તેનો હું ઉલ્લેખ કરું છું.

(૧) અતિ મુક્તક (કુમારશ્રમણ). (૨) ઇશાન ઇન્દ્ર (પૂર્વ ભવનો તામલી તાપસ (૩૨ નાટકોનો યોજક). (૩) ઉદાયન (રાજર્ષિ) (૪) ઋષભદેવ (દેવાનન્દાના પતિ, બ્રાહ્મણ બંને દીક્ષિત) (૫) કાલોદાયી (અન્ય તીર્થિક) (દીક્ષિત) (૬) ગંગદત્ત દેવ (૩૨ નાટકોનો યોજક) (૭) ગાંગેય (દીક્ષિત). (૮) ગોશાલક (મહાવીરસ્વામીની છદ્મસ્થાવસ્થામાં એમના શિષ્ય). (૯) ચમર (અસુરેન્દ્ર). (૧૦) જમાલિ (નિહ્નવ). (૧૧) જયંતી (રાજકુમારી, દીક્ષિત). (૧૨) દેવાનન્દા (મહાવીરસ્વામીના માતા). (૧૩) મદ્દુક (શ્રાવક). (૧૪) શેષ (પૂર્વ ભવનો મહાબલ નામનો રાજકુમાર (દીક્ષિત). (૧૫) શિવ (દિશા પ્રોક્ષક તાપસ, વિભંગજ્ઞાની અને રાજર્ષિ) (૧૬) સુદર્શન (શ્રેષ્ઠી, દીક્ષિત) (૧૭) સોમિલ (બ્રાહ્મણ, શ્રાવક). (૧૮) સ્કન્દક પરિવ્રાજક દીક્ષિત).

આ અઢારે વ્યક્તિઓનો પરિચય શ્રી ભગવતીસાર (પૃ. ૧૭૧ ૨૭૩)માં અપાયો છે મારો લેખ નામે "સ્કન્દક પરિવ્રાજક અને (ભ૦) મહાવીરસ્વામી "જૈન (વ. ૭૦, અં. ૧૪-૧૫; તા. ૧૪-૪-૬૩)માં છપાયો છે. ગોશાલકની જીવન રેખા મેં વીરભક્તામર (શ્લો. ૩૬)ના સ્પષ્ટીકરણ (પૃ. ૭૭-૭૯)માં આલેખી છે.

ગાંગેએ 'પ્રવેશનક' અંગે મહાવીરસ્વામીને પ્રશ્નો પૂછ્યા હતા. એ પ્રવેશનકનું ગણિત શ્રી ભગવતીસાર (પૃ. ૬૫૧-૬૫૭)માં અપાયું છે, પ્રસ્તારરત્નાવલીમાં રત્નચન્દ્રે ગાંગેયભંગ વિષે નિરૂપણ કર્યું છે એમ સ્ફુરે છે.

૬. નાયાધમ્મકહા : આના પ્રથમ શ્રુતસ્કંધમાં મેઘકુમાર (ઉત્ક્ષિપ્ત) ચંડૂક વગેરેનો અધિકાર છે.

૭. ઉવાસગદસા : આના પહેલા અધ્યયનમાં આનન્દ શ્રાવકના અવધિજ્ઞાન અંગેની વાત નીકળતાં આનન્દની વાતને ગૌતમસ્વામીએ ખોટી કહી જ્યારે મહાવીરસ્વામીએ સાચી કહી એ બીના વર્ણવાઇ છે બીજા અધ્યયનમાં કામદેવે દેવકૃત ઉપસર્ગો કર્યા તે સહન કર્યા તેની મહાવીરસ્વામીએ પ્રશંસા કરી છે. સાતમા અધ્યયનમાં ગોશાલકે મહાવીરસ્વામીને મહાબ્રાહ્મણ, મહાગોપ, મહાસાર્થવાહ, મહાધર્મકથી, મહાનિયમિક અને મહાવાદી કહ્યાનો અને ગોશાલકે જેનાં કરેલા સ્પષ્ટીકરણનો ઉલ્લેખ છે. આ સંબંધમાં કેટલીક વિશેષ માહિતી પૂર્વક મહાબ્રાહ્મણ ઇત્યાદિ સંબંધી ચિત્રોની નોંધ મેં જ્ઞાત. વીર (પૃ. ૧૮૧-૧૮૩)માં આપી છે.

૮. અન્તગડદસા : આ અંગમાંથી ખાસ નોંધવા જેવી કોઇ બાબત જણાતી નથી.

૯. અણુત્તરોપવાઇય : આના ત્રીજા વર્ગમાં ધન્ય મુનિની તપશ્ચર્યાની મહાવીરસ્વામીએ શ્રેણિક આગળ પ્રશંસા કર્યાનો ઉલ્લેખ છે.

૧૦. પણ્હાવાગરણ: પ્રસ્તુત લેખ પૂરતી આમાં કોઇ ખાસ વિગત જણાતી નથી.

૧૧. વિભાગસુય : આના દ્વિતીય શ્રુતસ્કંધમાં સુબાહુ રાજકુમારે મહાવીરસ્વામીનો ઉપદેશ સાંભળી દીક્ષા લીધાનો નિર્દેશ છે.

૧૨. ઓયવાઇય : આ ઉપાંગમાં મહાવીરસ્વામીનું સમવસરણ, શ્રેણિક નૃપતિની રાજધાની ચંપામાં થયાની વાત જાણી એમને વંદન કરવા માટે કોણિકે કરેલી જાતજાતની ભવ્ય તૈયારીઓ, તેમજ એનું સમવસરણમાં મહાવીરસ્વામીનો ઉપ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેશનું શ્રવણ કરવું એ બાબતો રજૂ કરાઈ છે. અહીં એ ઉમેરીશ કે વીર વંદનાર્થે જવા માટે અનુપમ તૈયારી દશાર્ણભદ્રે પણ કરી હતી

૧૩. રાયપ્પસેણઈજ્જ : આમાં સૂર્યાભદેવે નાટક રજૂ કરવા મહાવીરસ્વામીની અનુજ્ઞાસંમતિ ત્રણ ત્રણવાર માંગી છતાં મહાવીરસ્વામી મૌન રહ્યા. એણે બત્રીસ નાટકો ભજવ્યાનો ઉલ્લેખ છે.

૧૪ નિરયાવલિયામાં શ્રેણિક વિષે મહાવીરસ્વામીએ વિવિધ માહિતી આપ્યાનો નિર્દેશ છે.

૧૫. પુપ્ફિયા આના ત્રીજા અધ્યયનમાં શુક્રના સોમિલ તરીકેના પૂર્વભવનો વૃત્તાન્ત મહાવીરસ્વામીએ કહ્યાનો ઉલ્લેખ છે. આ સમગ્ર વૃત્તાન્ત મે આ૦ દિ૦ (પૃ. ૧૩૮-૧૩૯)માં આપ્યો છે

૧૬. મહાનિસીહ : આનું ત્રીજું અધ્યયન નોંધપાત્ર છે. આ છેદસૂત્રમાં મહાવીરસ્વામીએ 'મેરૂ'પર્વતને કંપાવ્યાનો ઉલ્લેખ છે. આ છેદસૂત્રનો ગુજરાતીમાં અનુવાદ શ્રી હેમસાગરસૂરિજીએ કર્યો છે. એને અંગે મેં લખેલી ઉપક્રમણિકા એમની પાસે છે. એ અપ્રકાશિત છે.

૧૪. દસાસુયકખંધ. આનું આઠમું અધ્યયન પજ્જોસવણાકપ્પ (કલ્પસૂત્ર) મહાવીરસ્વામી સંબંધી વિવિધ માહિતી પૂરી પાડે છે, આ છેદસૂત્ર (અ. ૧૦)ની ચુણ્ણિમાં શ્રેણિકે અને ચેલ્લણાનાં અદ્ભૂત રૂપ જોઇ સાધ્વીઓએ અને સાધુઓને નિદાન (નિયાણું) કર્યાનો ઉલ્લેખ છે.

૧૫. ઉત્તરજ્ઝયણ. આના છઠ્ઠા અધ્યયન (શ્લો. ૧૮) માં મહાવીરસ્વામીનો 'વેસાલિય' (વૈશાલિક) તરીકે ઉલ્લેખ છે. સૂયગડ (૧, ૨, ૩, ૩૨)માં પણ તેમ છે. વિયાહ૦માં પણ છે એમ પા૦ સ૦ મ૦ જોતાં જણાય છે.

મહાવીરસ્વામીએ નિર્વાણ સમયે ઉત્તર૦ નાં ૩૬ અધ્યયનો કહ્યાં હતાં. જુઓ ઉત્તર૦ની નિજ્જુત્તિ (પત્ર ૩) તેમજ એની પાઇય ટીકા (પત્ર ૩ અને ૭૧૨).

૧૬. આવસ્સયની નિજ્જુત્તિ. આની ગા. ૧૪૫-૧૪૯માં મહાવીરસ્વામીને સમ્યકત્વની પ્રાપ્તિનો અને એમના મરીચિ તરીકેના ભાવનો, ગા. ૧૮૨-૧૮૩માં એમણે કરેલા વિશતિસ્થાનક તપનો, ગા. ૨૦૯-૩૧૩માં અન્યાન્ય હકીકતોનો, ગા. ૩૨૩-૩૩૦ એમણે કરેલાં પારણાનો, ગા. ૩૪૭-૩૭૧માં મરીચિ તરીકેની વિશેષતાઓનો, ગા. ૫૦૨ ૫૧૧ સંગમે કરેલા ઉપસર્ગનો અને ગા. ૩૭૬-૩૯૦માં તીર્થંકરોના નામ અને વર્ણનો ઉલ્લેખ છે. આ નિજ્જુત્તિ અનેક રીતે ઉપયોગી છે તો એનું સંસ્કૃત છાયા સહિત સમીક્ષાત્મક સંસ્કરણ સત્વર તૈયાર કરિ પ્રકાશિત કરાવું ઘટે કંઈ નહિ તો મહાવીરસ્વામીને લગતી ગાથાઓ એક પુસ્તકરૂપે તૈયાર કરાય અને પ્રસિદ્ધ કરાય તેવું પગલું સત્વર ભરાવું ઘટે.

અંતમાં આ દિશાસૂચનરૂપ લેખ બે બાબતની નોંધ કરી હું પૂર્ણ કરૂં છું.

(૧) ધર્મવર્ધનગણિકૃત વીર ભક્તામર અને એની સ્વોપજ્ઞ ટીકાના મારા સ્પષ્ટીકરણમાં મહાવીરસ્વામીને અંગે કેટલીક માહિતી મેં આપી છે.

(૨) મહાવીરસ્વામી સંબંધી મારા ૧૬ લેખો, ૨ વાર્તાલાપો અને ૧ ભાષણ અને કવિતા (કૂટ-કાવ્ય) જ્ઞાત૦ વીરમાં ગ્રન્થસ્ક સ્વરૂપે અપાયાં છે. 'દીક્ષાનો સ્વીકાર' નામની મારી કવિતા આ પૂર્વે હિંદુ મિલન મંદિર (વ. ૧૨, અં. ૧૧)માં છપાઈ હતી એ અત્યારે છપાવવી રહી ગઇ છે. જ્યારે નિમ્ન લિખિત લેખો જ્ઞાત૦ વીર પછી પ્રકાશિત થયા છે.

૧. "અક્ષરોનાં ચિત્રાત્મક વર્ણનો અને એમાં માહાત્મ્ય મહાવીર અને હીરલાલ" આત્માનંદ પ્રકાશ (પુ ૬૮, ગા ૧૦-૧૧)

૨. મહાવીરસ્વામીના માસખમણો અંગેનાં પારણાં અને પંચ દિવ્યોની ઉત્પત્તિ જૈન ધર્મ પ્રકાશ (પુ. ૮૬, આ. ૪-૫).

૩. "મહાવીરસ્વામીનું છદ્મસ્થ જીવન. વિલક્ષણ ઘટનાઓ" આ. પ્ર. (પુ ૬૭, અં. ૯).

૪. મહાવીરસ્વામી સબંધી ગુજરાતી લઘુ પદ્યાત્મક કૃતિઓ. જૈ. ધ. પ્ર. (પુ. ૮૭, અં. ૧-૨)

૫. સન્દક પરિવ્રાજક અને મહાવીરસ્વામી. જૈન (તા. ૧૪-૪-૭૩).



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુખ કયાં ?

લેખકઃ—અમરચંદ માવજી શાહ-તળાજા

કયાં સુખ દેખ્યું આ સંસારમાં,
જયાં જોઉં ત્યાં દુઃખ દુઃખ રે,
કેવળ સુખની કલ્પના
ઝાંઝવા જળની જેમ રે !

સંવત ૧૯૯૬-૯૭માં જીવદયા ગૌસેવાનું કાર્ય કરતા મારો આત્મ બગીચો નવપલ્લવિત બનતો હતો. ત્યાં મને આ અરસામાં આધ્યાત્મિક તત્વ-જ્ઞાનની તીવ્ર ભાવના થઈ જાણે કે ભૂખ લાગી અને એ માટે એવા કોઇ આદર્શ સત્પુરૂષનો યોગ પ્રાપ્ત કરવા તાલાવેલી લાગી અને ભાવના જેવી સિદ્ધિ નથી. મને એક સત્પુરૂષની જીવન યાત્રા મળી ગઇ. એ અક્ષર દેહી સત્સમાગમના યોગે મારામાં પરિવર્તનનું પુર આવ્યું. મને આનંદ થયો. સંતોષ થયો. શાંતિ મળવા લાગી. તેમાંથી મને 'અમર આત્મમંથન' પ્રગટયું. ગદ્ય-પદ્યમાં તે વિચારોનું વ્હેણુ મેં કલમ દ્વારા કાગળ ઉપર વાળવાનું શરૂ કર્યું.

સંસારમાં સત્ય સુખ કયાં છે? તેવી શોધમાં ચીંતન વધ્યું. તેમાંથી-સુખ કયાં ? નું એક પદ બનવું શરૂ થયું અને ઉપરોક્ત પદથી તેની શરૂ-આત થઇ. ત્યાર પછી જન્મથી મરણ પર્યંતના જીવનમાં પ્રગટતા દુઃખો આધિ-વ્યાધિ ઉપાધિના દુઃખો કુદરત પ્રેરિત દુઃખો સંસારી જીવનના દુઃખોનાં વિચારો પદ્યમાં સંકળાવા લાગ્યા.

પછી રાજા કેવા સુખી હશે ? શ્રીમંતો કેવા સુખી હશે ? તેનો ચિતાર પ્રત્યક્ષ અનુભવ લીધા પછી પદ્યમાં રચના કરવી એવો વિચાર કરી મેં મારા એક કવિ મિત્રને વાત કરી કે મારે એક રાજાની મુલાકાત લેવી છે, અને તમોને તેમની સાથે સારો સંબંધ છે એટલે આપણે સાથે જઇએ.

અમો બન્ને ટેકસી કરી વાળકેશ્વર ઉપર તેમના બંગલે ગયા. અમારી મોટર બંગલે પહોંચી ત્યાં મહારાજા સાહેબની મોટર તૈયાર થઈ હતી અને મહારાજા સાહેબ બંગલાના દાદરના પગથીયા ઉતરતા હતા, અને તેમને શરદી હોવાથી છીંકો ખાતા હતા. તેઓ ઉતર્યા અને અમો પગથીયે સામા મળ્યા અને પ્રણામ કરી સીધી જ વાતચીત શરૂ કરી દીધી.

"શું આપને પણ શરદી થઈ છે ?"

"હા. કેમ અમને ન થાય !"

"હું તો આપનું સુખ જોવા આવ્યો છું અને આપને શરદી થઇ છે."

"અમો પણ માનવ છીએ. અને તમારે અમારૂં સુખ જોવું છે ?"

તો લ્યો હું તમને ટુંકામાં સંભળાવું. કારણુ કે મારે જલ્દી જવાનું છે.

"આપનુ સુખ મને સંભળાવો."

'મારે એક કુંવર ને એક કુંવરી છે. મારી કુંવરીને પરણાવી છે પણ તેના પતિ તેને તેડતા નથી. મારો કુંવર છે. પણ મારાથી વિમુખ ચાલે છે. મારી આજ્ઞામાં રહેતો નથી. પ્રજામને ગળેથી ખાઝે છે અને સરકાર મને પાછળથી પકડે છે. એ બે વચ્ચે મારૂં ગળું છે. બોલો આથી વધુ મારૂં સુખ તમારે સાંભળવું છે ? તો પછી કવિરાજ સાથે આવજો ને આપણે મળીશું."

"મેં જણાવ્યું કે, સાહેબ આપનું સુખ મેં બરાબર જાણી લીધું. આપ પણ ઘણા દુઃખી છો. એ અનુભવ મારે કરવો હતો તે થઇ ગયો છે."

મહારાજા સાહેબ આટલી વાતચીત કરી, મોટરમાં બેસી ગયા અને અમો પણ પ્રણામ કરી અમારી મોટરમાં પાછા ફર્યા.

ચોપાટી ઉપર અમો આવ્યા એટલે મેં કવિ-રાજને કહ્યું કે હવે મારે એક શ્રીમંત ગૃહસ્થની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુલાકાત લઈ તેમનું સુખ જાણવું છે. કવિરાજ ખુમજ બધાયના પરિચિત એટલે લેમીંગ્ટન રોડ ઉપરના એક પાંચમાળના બંગલામાં પાંચમે માળે અમો બન્ને ગયા.

એક રૂમમાં એક વૃદ્ધશ્રીમાન અને શેઠાણી બેઠા હતા. અમો તેમની પાસે બેસી ગયા અને સુખ સમાચાર પુછયા, પછી જણાવ્યું કે.

"હું આપનું સુખ જાણવા આવ્યો છું."

"ભાઈ બહુ સુખી છું. ધન, વૈભવ, બંગલા મોટર છે. પરંતુ અમો બન્ને વૃદ્ધ થયા છીએ. અમારા દીકરા કે તેની પત્નીઓ અમારી સામુંયે જોતા નથી. અને અમારા ખબર પણ પૂછતાં નથી. બોલો આથી વધારે સુખ કયું ?"

"બસ. દાદા ! આપનું સુખ ટુંકામાં સમજાઈ ગયું. આપની વેદના-જાણી લીધી. સાહ્યબી હોવા છતાં અંતરમાં સુખ નથી.

પછી થોડી વાતોચીતો કરીને અમો રવાના થયા. અને ઘેર આવ્યા સુખ કયાં ? ની શોધ પૂરી થઈ. આ સુખ શોધવા ગરીબોને સામાન્યજનો તૃષ્ણા કરે છે. પરંતુ આ બાહ્ય સુખો એ ખરેખર વાસ્તવિક સુખ નથી પણ સુખાભાસ છે. એ ચીંતવન શરૂ થયું અને સુખ કયાં ? ના પદમાં કડી ઉમેરી દીધી.

ધનવાનને પણ સુખી ન દેખ્યો,
રાજા દુ:ખી અપાર રે !
ગરિબને તવંગર બનવું,
મમતા તણો વિસ્તાર રે.

અને છેવટે સાચું સુખ શેમાં છે, એ દર્શાવતું પદ લખી ૨૦ કડીનું એ કાવ્ય પૂરૂં કર્યું.

સાચું સુખ આત્માની શાંતિમાં છે-સંતોષમા છે એ વાસ્તવિક સમજાયું. અજ્ઞાનતાથી મોહ થાય. મોહથી મમતા તૃષ્ણા પરવસ્તુમાં થાય. આસક્તિ થાય. લોભ થાય તે માટે માયા કપટ કરવા પડે. એ પ્રાપ્ત કર્યા પછી અભિમાન થાય. એની અપ્રાપ્તિમાં ક્રોધ થાય ક્રોધથી હિંસા થાય. અસત્ય કાર્ય થાય. ચોરી અનીતિ થાય. શીયળ લુંટાય. પરિગ્રહના ભારમાં આત્મા દબાઈ જાય પાંચ ઇન્દ્રિયના વિષયોમાં આત્માં ફસાઈ જાય અને મન-વચન કાયાનું પરિણમન વિષય કષાયમાં થઈ અનંત કર્મબંધનું નિમિત્ત થાય. અને આત્મા સંસારમાં ચારે ગતિમાં પરિભ્રમણ કરે અને અનંત દુ:ખનો અનુભવ કરે જ્યારે તેને સમ્યગ્-દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઉદય થાય. અહિંસા-સંયમ તપના માર્ગે ગમન થાય તો આનંદ-પ્રેમને શાંતિ પ્રાપ્ત થાય.

આ અરસામાંજ એક મહારાષ્ટ્રિયન ગોસેવકે મને એક શ્લોક લખી આપ્યો. તે શ્લોક પછી ગ્રંથો વાંચતા મળી આવ્યો.

शांति तूल्यं तपः नास्ति ।
न संतोषात् परमं सुखं ॥
न तृष्णासमो व्याधिः ।
न च धर्मः दया परः ॥ ચાણકય નિતી.

# સ્વર્ગવાસ નોંધ

ભાવનગર નિવાસી પારેખ છગનલાલ જીવણલાલ (એન્જીનીયર) તા. ૨૨-૧-૭૪ના રોજ સ્વર્ગવાસી થયેલ છે તેની નોંધ લેતા અમો ઘણાજ દીલગીર થયા છીએ તેઓ ખૂબ ધર્મપ્રેમી અને મળતાવડા સ્વભાવના હતા આ સભા પ્રત્યે ખૂબ લાગણી ધરાવતા હતા તેઓ આ સભાના આજીવન સભ્ય હતા તેમના આત્માને શાંતિ મળે એજ પ્રાર્થના.

મુંબઈ નિવાસી શાહ હીરાલાલ મોતીચંદ મુંબઈ મુકામે સ્વર્ગવાસી થયેલ છે તેની નોંધ લેતા અમો ઘણાજ દીલગીર થયા છીએ તેઓ ખૂબ ધર્મપ્રેમી હતા અને સ્વભાવે મીલનસાર હતા તેઓ આ સભાના આજીવન સભ્ય હતા તેમના આત્માને શાંતી મળે એજ પ્રાર્થના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગાંગાણી તીર્થનો* સંક્ષિપ્તપરિચય

સં. પૂ. પં. શ્રી લબ્ધિવિજયજી ગણિ. દેવબાગ, જામનગર

રાજસ્થાનમાં જોધપુરથી દક્ષિણ દિશામાં લગભગ ૨૦ માઇલ દૂર ગાંગાંણી નામનું પ્રાચીન નગર છે. ઇતિહાસનું અવલોકન કરતાં જણાય આવે છે કે આ નગરીનું પ્રાચીન નામ અર્જુન-પુરી હતું. અને તે ધર્મપુત્ર અર્જુને વસાવી હતી.

ઇતિહાસ એ હકીકતની સાક્ષી પૂરે છે કે-એક વખત એવો હતો કે જ્યારે આ નગરીમાં હજારો જૈનો નિવાસ કરતા હતા. અને જૈન શાસનની શોભા વધારતા હતા. કાલચક્રના કુપ્રભાવથી આજે અહીં એક પણ જૈનનું ઘર નથી.

વર્તમાનમાં વિદ્યમાન મન્દિર વિક્રમની પૂર્વે બસો વર્ષ પહેલાં સમ્રાટ્ સંપ્રતિએ બનાવરાવ્યું હતું અને એની પ્રતિષ્ઠા સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી સુહસ્તિસૂરિજીએ કરાવી હતી.

સંવત ૧૬૬૨માં પ્રચંડ વિદ્વાન્ તેમજ પ્રસિદ્ધ કવિવર ગણિ શ્રી સમયસુંદરજીએ આ પ્રાચીન તીર્થની યાત્રા કરી હતી અને એક સ્તવન બનાવ્યું હતુ જેમાં તેઓએ આ તીર્થની પ્રાચીનતાનો ઉલ્લેખ કર્યો હતો.

તપાગચ્છની પ્રાચીન પટ્ટાવલી જે જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ, હેરલ્ડ પત્રના પૃષ્ટ ૩૩૫ ઉપર મુદ્રિત છે તેમાં લખ્યું છે કે—

"સંપ્રતિ ઉત્તર દિશામાં મરુધરમાં ગાંગાંણી નગરે શ્રીપદ્મપ્રભુસ્વામિનો પ્રાસાદ બિંબ નીપજાવ્યો."

શ્રી સમયસુંદર મહારાજે રચેલ સ્તવન વિશેષ ફૂટનોટો સાથે અહીં આપવામાં આવે છેઃ—

## પદ્મપ્રભ એવં પાર્શ્વનાથ સ્તવન

રચયિતા : કવિવર સમયસુંદર ગણિ વિ. સં. ૧૬૬૨

### ઢાળ પહેલી

પાય પ્રણમું રે શ્રીપદ્મપ્રભ પાસના
ગુણ ગાંઉરે આણિ મન શુદ્ધ ભાવના
ગાંગાંણી[1] રે પ્રતિમા પ્રગટ થઇ ઘણી
તસ ઉત્પત્તિરે સુણજો ભવિક સુહામણિ.

ત્રુટક

સુહામણિ રે વાત સુણજો, કુમતિ[2] શંકા ભાજસે,
નિમંળો થાસે શુદ્ધ સમક્તિ, શ્રીજિન શાસન ગાજસે. ૧

---

* આ તીર્થના ગાંગાણી, ધાંધાણી, ધંધાણી વગેરે નામો મળે છે.

૧. આ તે જ ગાંગાણી છે કે જેનું વર્ણન અમે અહીં લખી રહ્યા છીએ.

૨. કવિવરના સમયમાં મિથ્યાત્વી લોકો કહેતા હતા કે આ મૂર્તિઓ બાર વર્ષના દુષ્કાળના સમયમાં બનેલી છે. પરન્તુ તેમની શંકા આ મૂર્તિઓને જોવાથી દૂર થશે કારણ કે આ મૂર્તિ બાર-વર્ષીય દુષ્કાળથી ૪૦૦ વર્ષ પહેલા બનેલી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મરુધર દેશ મંડોવર મહાબલ, બલિ શૂર[3] રાજા સોહએ,
તિહાં ગાંવ એક અનેક ધાણિકા[4], ગાંગાંણી મન મોહએ ૨

ઢાલ

દુધેલા[5] રે નામ તળાવ છે જેહનો
તસ્સ પાસે રે ખોખર[6] નામ છે દેહરા
તિણ પુઠે રે ખણતાં પ્રકટ્યો ભુહરો
પરિયાગતરે જાણે નિધાન લાધો ખરો. ૩
લાધો ખરો બલિ [7]ભૂંહરો એક માંહે પ્રતિમા અતિબલી,
જ્યેષ્ઠ શુદ્ધ[8] અગ્યારસ, સોલહ બાસઠી, બિંબ પ્રગટ્યા મનરલી. ૪
કેટલી પ્રતિમા ? કોની વળી ? કોણ ભરાવી ભાવસૂં ?
એ કોણ નગરી કોણ પ્રતિષ્ઠિ ?, તે કહું પ્રસ્તાવસૂં ૫

ઢાલ

તે [9]સગલી રે પૈસટ પ્રતિમા જાણીએ
તિણ સહુની રે સગલી વિગત વખાણીએ,
મૂલ નાયક રે પદ્મપ્રભુને પાસજી,
એક ચૌમુખ રે ચૌવીસી સુવિલાસજી ૬

---

૩. મહારાજા શૂરસિંહના રાજ્યનો સમય વિ. સં. ૧૬૫૨ થી ૧૬૭૬ સુધીનો છે.

૪. ધાણિકા—આ શબ્દથી લાગે છે કે–અર્જુનપુરીમાં કોઇ વખતે ઘાણીઓ વધારે ચાલતી હશે અને તેથી લોકો આ નગરીને ગાંગાણી કહેવા લાગ્યા હશે.

૫–૬. દૂધેલા તળાવ અને ખોખર નામનું મંદિર આજે પણ ગાંગાણીમાં વિદ્યમાન છે.

૭ ભુંહરો—તલઘર, મુસલમાનોના અત્યાચાર વખતે મૂર્તિઓનું રક્ષણ આ જ રીતે કરવામાં આવતું હતું. તેઓને તળઘર કે ભોંયરામાં પધરાવવામાં આવી હતી.

૮. વિ. સં. ૧૬૬૨ જેઠ સુદિ અગ્યારશને દિવસે ભોંયરામાંથી મૂર્તિઓ મળી હતી અને તેમની તપાસ કરીને જ કવિવરે બધી હકીકત લખી છે

૯. કવિવરજીએ સ્તવનમાં બધી ૬૫ પ્રતિમાઓ કહી છેઃ—
૨–મૂલનાયક શ્રી પદ્મપ્રભ અને પાર્શ્વનાથ ભગવાનની.
૧–ચૌમુખજી–સમવસરણ સ્થિત ચાર મોઢાવાળી.
૧–ચોવીસી–એક જ પરિકરમાં ૨૪ તીર્થંકરોની પ્રતિમાઓ
૨૩–અન્યાન્ય તીર્થંકરોની પ્રતિમા જેમાં એક કાઉસગ્ગિયા પણ છે.
૧૯–અન્ય પણ તીર્થંકરોની પ્રતિમાઓ. બધી મળીને ૪૬ મૂર્તિઓ થઇ.
૧૯–તીર્થંકરો સિવાય અન્ય દેવી દેવતા તેમજ શાસનદેવતાઓની મૂર્તિમાં કવિવરે ત્રુટકમાં લખેલી છે. તે આ પ્રમાણે જાણવીઃ—ઈન્દ્ર, બ્રહ્મા, ઇશ્વર, ચક્રેશ્વરી, અંબિકા, અર્ધનારીશ્વરી, વિનાયક, યોગની, અને શાસનદેવતા. આમાં શાસનદેવ તથા યોગિનીની સંખ્યા અધિક હોવાથી બધી ૧૯ લખી છે, જેથી ૬૫ની સંખ્યા પૂરી થઈ જાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્રુટક

સુવિલાસ પ્રતિમા પાસ કેરી, બીજી પણ તેવીસએ,
તે માહી કાઉસ્સગિયા બિહુ દિસી બહુ સુન્દર દીસએ. ૭
વીતરાગની ઓગણીસ પ્રતિમા વળી એ બીજી સુન્દરુ,
સકલ મિલીને જિન પ્રતિમા, છિયાલીસ મનોહરુ. ૮

ઢાલ

ઈન્દ્ર બ્રહ્મા રે ઇશ્વર રૂપ ચક્રેશ્વરી,
એક અંબિકારે કાલિકા અર્ધ નાટેશ્વરી;
વિનાયક રે યોગણિ શાસન દેવતા,
પાસે રહે રે શ્રી જિનવર પાય સેવતા. ૯

ત્રુટક

સેવતા પ્રતિમા જિણ કરાવી, પાંચ તે [10]પૃથ્વીપાલ એ,
ચંદ્રગુપ્ત બિન્દુસાર અશોક, સંપ્રતિ પુત્ર કુણાલએ. ૧૦
કનસાર જોડા ધૂપ ધાણો, ઘંટા શંક ભ્રગાર એ,
ત્રિસિટા મોટા તદ કાલના, વળી તે પરકર સાર એ ૧૧

ઢાલ બીજી (દેહા)

મૂલનાયક પ્રતિમા વાલી, પરિકર અતિ અભિરામ,
સુન્દર રૂપ સુહામણિ, શ્રીપદ્મપ્રભુ તસુ નામ. ૧
શ્રીપદ્મપ્રભ પૂજિયાં, પાતિક દૂર પલાય,
નયણે મૂર્તિ નિરખતાં, સમરિત નિર્મલ થાય. ૨
આર્ય સુહસ્તિ સૂરીશ્વરો, આગમ શ્રુત વ્યવહાર,
[11]સંયમ રાંક વણી દિયો, ભોજન વિવિધ પ્રકાર. ૩

૧૦. મૂલનાયક શ્રી પદ્મપ્રભુની પ્રતિમા કરાવવાવાળાનું નામ કવિવરે સમ્રાટ સંપ્રતિ સૂચિત કરેલ છે અને ચન્દ્રગુપ્ત, બિન્દુસાર, અશોક અને કુણાલનું નામ સંપ્રતિની વંશપરંપરા બતાવવા માટે આપેલ છે. સંપ્રતિ એ કુણાલનો પુત્ર હતો.

૧૧ સમ્રાટ્ સંપ્રતિનું અસ્તિત્વ અને પ્રતિષ્ઠાનો સમય બતાવતાં કવિવરે કહ્યું છે કે આચાર્ય સુહસ્તીસૂરિએ દુષ્કાળમાં એક ભિક્ષુકને દીક્ષા આપીને ઇચ્છિત આહાર કરાવ્યો. પરિણામે તે કાળ કરીને કુણાલની રાણી કાંચનમાલાની કુક્ષિથી સમ્રાટ્ સંપ્રતિ થયો. અને જ્યારે તે ઉજ્જૈનીમાં રાજ્ય કરતો હતો ત્યારે રથયાત્રાની સવારીની સાથે આચાર્ય સુહસ્તી તેમના જોવામાં આવ્યા. વિચાર કરતાં કરતાં રાજાને જાતિસ્મરણ જ્ઞાન થયું. અને બધી ઋદ્ધિ-સમૃદ્ધિ ગુરૂકૃપાથી મળેલી જાણીને ગુરૂ મહારાજની સમીપમાં આવીને વિનતિ કરી કે-હે ગુરૂદેવ આ રાજ્ય આપની કૃપાથી મળેલ છે એટલે આપ તેનો સ્વીકાર કરો. નિઃસ્પૃહ ગુરૂ મહારાજે જવાબ આપ્યો કે કંચન-કામિનીના ત્યાગી એવા અમારે રાજપાટથી શું પ્રયોજન? તેમણે યથોચિત ધર્મવૃદ્ધિનો ઉપદેશ આપ્યો અને તેમને જૈન એવા શ્રાવક ધર્મનું મર્મ સમજાવી ઉત્તમ કોટિનો શ્રાવક બનાવ્યો. તેણે ઉજ્જૈનનાં જૈનોની એક વિરાટ સભા ભરી આચાર્ય સુહસ્તિસૂરિ વગેરે ઘણા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉજ્જૈની નગરી પણી, તે થયો સંપ્રતિ રાય,
જાતિસ્મરણ જાણિયો, યે ઋદ્ધિ ગુરૂ પસાય. ૪

વળી તિણ ગુરૂ પ્રતિબોધિયો, થયો શ્રાવક સુવિચાર,
મુનિવર રૂપ કરાવિયા, અનાર્ય દેશ વિહાર. ૫

પુણ્ય ઉદય પ્રગટ્યો ઘણો, સાધ્યા ભરત ત્રિખંડ,
જિણ પૃથ્વી જિનમંદિરે, મંડિત કરી અખંડ. ૬

બીસય તીડોત્તર વીરથી, સંવત સબલ પંડૂર,
પદ્મપ્રભ પ્રતિષ્ઠિયા, આર્ય સુહસ્તિ સૂર. ૭

મહા તણી શુકલ અષ્ટમી, શુભ મુહૂર્ત રવિવાર,
લિપિ પ્રતિમા પૂઠે લખી, તે વાંચી સુવિચાર. ૮

## ઢાલ તીસરી

મૂલ નાયક બીજો વળી, સકલ સુકોમલ દેહોજી,
પ્રતિમા શ્વેત સોના તણી, મોટો અચરજ એહોજી. ૧

અરજન પાસ જુહારિયે અરજુન પુરી શૃંગારોજી,
તીર્થંકર તેવીસમો, મુક્તિ તણો દાતારોજી. ૨

[12]ચંદ્રગુપ્ત રાજા હુઓ, ચાણુક્ય દિરાયો રાજોજી,
તિણ યહ બિંબ ભરાવિયો, સારયા આત્મ હોજોજી. ૩

---

જૈન શ્રમણો ત્યાં એકત્રિત થયા. અન્યાન્ય કાર્યોની સાથે એ પણ નિશ્ચય કરવામાં આવ્યો કે ભારત સિવાય અન્ય દેશોમાં પણ જૈનધર્મનો પ્રચાર કરવો જોઈએ. રાજા સંપ્રતિએ આ વાતનું બીડું ઝડપ્યું અને પોતાના સુભટોને ચીન, જાપાન, તુર્કિસ્તાન, મિશ્ર, તિબ્બત, મંગોલિયા, જર્મન, ફ્રાન્સ, આસ્ટ્રિયા, ઈટલી વગેરે પ્રાંતોમાં મોકલીને સાધુત્વને યોગ્ય ક્ષેત્ર તૈયાર કરાવ્યું. પછી જૈનશ્રમણોએ પણ તે પ્રદેશોમાં વિહાર કરીને જૈનધર્મનો જોર-શોરથી પ્રચાર કરવા લાગ્યા. આ જ કારણ છે કે આજે પણ પાશ્ચાત્ય પ્રદેશોમાં જૈન મૂર્તિઓ અને તેમના ભગ્ન ખંડેરો પ્રચુર પ્રમાણમાં મળે છે. ભારત વર્ષમાં તો સમ્રાટ્ સંપ્રતિએ આખી પૃથ્વીને જ મંદિરોથી મંડિત કરી દીધી હતી. ગાંગાણીના મંદિરની પ્રતિષ્ઠાના સંબંધમાં કવિવર લખે છે કે—વીર સં. ૨૭૩ માઘ શુકલ આઠમ રવિવારના શુભ દિવસે સમ્રાટ્ સંપ્રતિએ પોતાના ગુરુ આચાર્ય સુહસ્તિસૂરિના કરકમલોથી પ્રતિષ્ઠા કરાવી જેનો લેખ તે મૂર્તિના પાછલા ભાગમાં ખોદેલો છે. કવિવર સમયસુંદરજી મહારાજે તે લેખને સારી રીતે વાંચીને જ પોતાના સ્તવનમાં પ્રતિષ્ઠાના શુભ મુહૂર્તનો ઉલ્લેખ કરેલ છે.

૧૨. બીજા મૂલ નાયક શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમા સફેદ સુવર્ણમય જોઈને કવિવર આશ્ચર્ય પ્રગટ કરે છે અને અર્જુનપુરી (ગાંગાણી)ની શૃંગારભૂત સફેદ સોનાની મૂર્તિને વંદન કરે છે. સમ્રાટ્ ચંદ્રગુપ્તે—આ સફેદ સોનાની મૂર્તિ બનાવરાવી હતી અને તેની પ્રતિષ્ઠા ચૌદ પૂર્વધર શ્રુત કેવલી આચાર્ય ભદ્રબાહુ પાસે કરાવી હતી. તેમનો સમય કવિવરે વીરનિર્વાણ પછી ૧૭૦ વર્ષનો બતાવ્યો છે, તે વખતે આ બન્ને મહાપુરુષો વિદ્યમાન હતા.

મૂર્તિઓની અસ્તિત્વ ઘણા જ પ્રાચીન કાળથી ચાલ્યું આવતું હતું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ઢાલ ચોથી

મારો મન તીર્થ મોહિયો, થઇ ભેટ્યા હો પદ્મપ્રભુ પાસ,
મૂલ નાયક બહુ અતિ ભલા, પ્રણમતો હો પૂરે મનની આશ. ૧

સંઘ આવે ઠામ ઠામના, વળી આવે હો વર્ણ અઢાર,
યાત્રા કરી જિનવર તણી, તિણે પ્રગટ્યો હો યે તીર્થ સાર. ૨

જૂનો બિંબ તીર્થ નવો, જંગી પ્રગટ્યો હો મારવાડ મઝાર,
ગાંગાંણી અરજુન પુરી, નામ જાણે હો સઘલો સંસાર. ૩

શ્રીપદ્મપ્રભને પાસજી, એ બેહુ મૂર્તિ હો સકલાએ,
સુપના દિખાવે સમરતાં, તસુ વાધ્યો હો યશઃ તેજ પ્રતાપ. ૪

મહાવીર ભોંહરા તણી, એ પ્રગટી હો મૂર્ત્તિ અતિસાર,
જિન પ્રતિમા જિન સારખી, કાંઇ શંકા હો મત કરજો લગાર. ૫

સંવત સોલા બાસઠી સુમઈ, યાત્રા કીધી હો મઇ મહા મઝાર,
જન્મ સફલ થયો મ્હારો, હિય મુઝને હો સ્વામી પાર ઉતાર. ૬

### કલશ

ઈમ શ્રી પદ્મપ્રભ પ્રભુ પાસ સ્વામી, પુન્ય સુગુરુ પ્રસાદ એ,
મૂલગી અરજ્જુન પુરી નગરી, વર્દ્ધમાન સુપ્રસાદ એ;
ગચ્છરાજ શ્રી જિનચંદસૂરિ, ગુરૂ જિનહંસ સૂરીશ્વરો,
ગણિ સાકલચંદ વિનયવાચક, સમયસુંદર સુખ કરો. ૧

---

૧. ભગવાન્ મહાવીરે પોતાના દીક્ષાના સાતમા વર્ષે મુંડસ્થલમાં પધાર્યા હતા, તે વખતે રાજા નન્દીવર્ધન આપના દર્શનાર્થે પધાર્યા, જેની સ્મૃતિમાં રાજાએ એક મંદિર બંધાવ્યું, તેના ખંડેરો આજે પણ વિદ્યમાન છે.

૨. મહારાજા ઉદાઈની પટ્ટરાણી પ્રભાવતીના મહેલના અંદરના ભાગમાં ભગવાન મહાવીરની મૂર્તિ હતી, રાજા વીણા વગાડતો અને રાણી ત્રિકાલ પૂજા કરી નૃત્ય કરતી હતી.

૩. કચ્છ ભદ્રેશ્વરના મંદિરની પ્રતિષ્ઠા વીરાત્ ૨૩ મા વર્ષે સૌધર્માચાર્યના કરકમળોથી થઈ. તે મૂર્તિ અને એનો શિલાલેખ આજ પણ વિદ્યમાન છે.

૪. નાગોર (મારવાડ)ના મોટા મંદિરમાં ઘણી સર્વધાતુમય મૂર્તિઓ છે. જેમાંની એક મૂર્તિ ઉપર વી. સં. ૭૨ નો શિલાલેખ ખોદેલો આજે પણ જોવાય છે.

૫ આચાર્ય રત્નપ્રભસૂરિના કરકમલોથી વી. સં. ૭૦ મા વર્ષે ઉપકેશપુર (ઓશિયા ડીસ્ટ ફલોદી)માં પ્રતિષ્ઠા થઈ હતી. જે મૂર્તિ આજે પણ મંદિરમાં મૂલનાયક તરીકે વિદ્યમાન છે.

૬. કોરંટામાં આવેલું ભગવાન મહાવીરનું મંદિર રત્નપ્રભસૂરિના વખતનું છે.

૭. મહામેઘવાહન મ'રાજા ખારવેલકા વિશદ શિલાલેખ આ બધી વસ્તુની પુષ્ટિ કરે છે. કારણ કે આ શિલાલેખ અને હેમવંત પટ્ટાવલીથી સમજાય છે કે–ભગવાન મહાવીરના વખતે સમ્રાટ શ્રેણિકે ખંડગિરિ ઉપર ભગવાન્ ઋષભદેવનું મંદિર બનાવ્યું હતું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી સમયસુંદર ગણિ કૃત સ્તવનથી એમ જણાય છે કે આ મંદિરમાં કોઇ વખતે ૬૫ પ્રતિમાઓ હતી. સમય પરિવર્તનશીલ છે, ઉન્નતિ અને અવનતનું ચક્ર ફરતું રહે છે. મોગલોના અત્યાચારથી આ પ્રતિમાઓમાંથી અધિકાંશ ઘણી પ્રતિમાઓ ખેતરોમાં દાટી દેવામાં આવી છે. અને જેનો અત્યારસુધી કોઇ પત્તો નથી મળી શકયો. હવે મંદિરમાં કેવલ ચાર પ્રતિમાઓ રહી ગઇ છે. એક મૂલનાયક શ્રી ધર્મનાથ પ્રભુ, એક બધી ધાતુની તથા બીજે માળે ભગવાન્ શ્રી પાર્શ્વનાથની, ચોથી પ્રતિમા એક ખેતરમાં મળી જે ગયા મહા સુદિ ૬ સંવત ૨૦૧૩ના ઉત્સવને દિવસે અભિષેક કરાવીને પરોણા દાખલ બિરાજમાન કરવામાં આવી છે.

આ મંદિરનો સમયે સમયે જીર્ણોદ્ધાર થયાની હકીકત પ્રાચીન ઉલ્લેખોથી જાણવામાં આવે છે. જેમકે:—

૧. વિક્રમની નવમી શતાબ્દિમાં ઓસિયોંના શ્રેષ્ઠિવર્ય બોસટે આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

૨. વિક્રમની બારમી શતાબ્દિમાં નાગપુરના ભૂરંટોએ આ મંદિરનું સમારકામ કરાવ્યું હતું.

૩. વિક્રમની ચૌદમી શતાબ્દિમાં ઓસિયાનાં સાહિત્ય ગાન ગોત્રીય શાહ સારંગ સોનપાલે આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી આના રૂપરંગ સુધાર્યા હતા.

૪. વિક્રમની સોળમી શતાબ્દીના અંતમાં બીકાનેરના લોકો અહીં લગ્ન પ્રસંગે આવ્યા હતા તે વખતે આ મંદિરની જીર્ણ હાલત જોઇને આનો ઉદ્ધાર કરાવ્યો હતો.

卐


# ● લોખંડ ●

ના

○ ગોળ અને ચોરસ સળીયા □

પટ્ટી તેમજ પાટા

▷ વિગેરે મળશે ◁

**ધી ભારત આર્યન એન્ડ સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ**

રૂવાપરી રોડ, **ભાવનગર.**

ટેલીગ્રામ : IRONMAN

ફોન : ઓફીસ : { ૫૬૫૦ / ૩૨૧૯ }

રેસીડન્સ : { ૪૫૫૭ / ૫૫૪૫ }




For Private And Personal Use Only

# શ્રી જૈન આત્માનંદ

સં. ૨૦૨૮ના આસો વદી

| ફંડો તથા જવાબદારીઓ | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| **બીજા અંકિત કરેલા ફંડ : (ધારા, સીકીંગ, રીઝર્વ ફંડ વિ.)** | | ૧,૫૧,૧૩૪–૦૩ |
| **જવાબદારીઓ :** | | |
| **ખર્ચ પેટે :** | ૧,૬૦૧–૯૭ | |
| **અગાઉથી મળેલી રકમો પેટે :** | ૧૩,૪૨૨–૫૦ | |
| **ભાડા અને બીજી અનામત રકમો પેટે :** | ૭૦૧–૦૦ | |
| **અન્ય જવાબદારીઓ :** | ૭,૬૪૫–૦૬ | |
| | | ૨૩,૩૭૦–૫૩ |
| કુલ રૂા.... | | ૧,૭૪,૫૦૪–૫૬ |

ઉપરનું સરવૈયું મારી/અમારી માન્યતા પ્રમાણે ટ્રસ્ટના ફંડો તથા જવાબદારીઓ તેમજ મિલકત તથા લ્હેણાનો ખ.ચો અહેવાલ રજુ કરે છે.

**જાદવજી ઝવેરભાઈ શાહ-ટ્રસ્ટીની સહી**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા, ભાવનગર

## અમાસના રોજનું સરવૈયું

| મિલકત | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| **સ્થાવર મિલકત : ગઇ સાલની બાકી :** | ૧,૦૧,૮૨૧-૮૦ | |
| ઉમેરો : ( વર્ષ દરમીયાન વધારો ) : | — | ૧,૦૧,૮૨૧-૮૦ |
| **રોકાણો : સીક્યોરીટીઝ : શ્રી મહાલક્ષ્મી મીલ્સના શેરો :** | | ૨૦૦-૦૦ |
| **ડેડસ્ટોક અને ફરનીચર : ગઇ સાલની બાકી :** | ૪,૨૩૫-૦૦ | |
| ઉમેરો વર્ષ દરમીયાન વધારો : | — | ૪,૨૩૫-૦૦ |
| **સ્ટોક : ટ્રસ્ટીની પ્રમાણિત યાદી મુજબ :** | | |
| પુસ્તક : | ૧૦,૧૩૧-૯૩ | |
| કાગળ : | ૯૧૮-૦૫ | ૧૧,૦૪૯-૯૮ |
| **લોન : ભાવનગર ઇલેકટ્રીક કું.** | | ૫૫-૦૦ |
| **એડવાન્સીઝ :** | | |
| નોકરોને : | ૩૧૪-૮૦ | |
| પુસ્તકો તૈયાર કરવા માટે : | ૩,૭૯૨-૪૯ | |
| બીજાઓને : | ૭૫૯-૨૧ | ૪,૮૬૬-૫૦ |
| **વસુલ નહિ આવેલી આવક :** | | |
| ભાડું : | ૨,૯૫૬-૫૭ | |
| બીજી આવક : | ૨૮૪-૧૨ | ૩,૨૪૦-૬૯ |
| **રોકડ તથા અવેજ :** | | |
| (અ) બેંકમાં ચાલુ ખાતે : | | |
| બેંકમાં સેવીંગ્ઝ ખાતે દેના અને સ્ટેટ બેંક | ૧૦,૩૦૨-૩૦ | |
| બેંકમાં ફીક્સડ અથવા કોલ ડીપોઝીટ ખાતે દેના બેંક | ૩૧,૬૩૯-૦૦ | |
| (બ) ટ્રસ્ટી/મેનેજર પાસે નામ ભીખાલાલ ભીમજી | ૨૬૩-૬૩ | |
| પોસ્ટલ સ્ટેમ્પ | ૬૪-૩૧ | ૪૨,૨૬૯-૨૪ |
| **ઉપજ ખર્ચ ખાતું :** | | |
| ગઈ સાલની બાકી ઉધાર : | ૮,૪૫૨-૦૭ | |
| ઉમેરો : ચાલુ સાલની તુટના ઉપજ ખર્ચ ખાતા મુજબ : | — | |
| બાદ : ચાલુ સાલના વધારાના ઉપજ ખર્ચ ખાતા મુજબ : | ૧,૬૮૬-૬૨ | ૬,૭૬૫-૪૫ |
| સરવૈયા ફેરના | | ૦-૯૦ |
| **કુલ રૂા....** | | **૧,૭૪,૫૦૪-૫૬** |

અમારા આ સાથેના આજ તારીખના રીપોર્ટ મુજબ.

તા. ૩૦-૧-૭૪
ભાવનગર

Sanghavi & Co
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓડીટર્સ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ

સં. ૨૦૨૦ના આસો વદી અમાસના રોજ પુરા

| આવક | રૂા પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| ભાડા ખાતે : (લેણી/મળેલી) | | ૭,૨૯૦-૦૦ |
| વ્યાજ ખાતે : (લેણી/મળેલી) | | |
| બેન્કના ખાતા ઉપર | ૯૧૯-૯૫ | |
| | | ૯૧૯-૯૫ |
| દાન : રોકડ અથવા વસ્તુ રૂપે : | | ૪૧૯-૦૦ |
| બીજી આવક : | | |
| પેટી ઉપજ : | ૩૩-૫૦ | |
| મેમ્બરશીપ ફીઝ : | ૨૦-૦૦ | |
| પુસ્તક અનામત : | ૯૨૧-૦૦ | |
| પુસ્તક વેચાણ નફો : | ૯૧૯-૫૫ | |
| પસ્તી વેચાણ | ૮૦-૬૮ | |
| જાહેરખબર | ૫૯૦-૦૦ | |
| | | ૨,૫૬૪-૭૩ |
| રીઝર્વ ફંડ ખાતેથી લાવ્યા : | | ૨,૧૫૭-૦૦ |
| કુલ રૂા.... | | ૧૩,૩૫૦-૬૮ |

તારીખ ૩૦-૧-૧૯૭૪

જાદવજી ઝવેરભાઈ શાહ-ટ્રસ્ટીની સહી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા, ભાવનગર

## થતા વરસનો આવક અને ખર્ચનો હિસાબ

| ખર્ચ | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| **મિલ્કત અંગેનો ખર્ચ :** | | |
| મરામત અને નિભાવ : | ૫૦-૦૦ | |
| વીમો : | ૨૨૯-૫૦ | |
| | | ૨૭૯-૫૦ |
| **વહીવટી ખર્ચ :** | | ૩,૩૧૨-૯૩ |
| **ઓડીટ ફી :** | | ૫૦-૦૦ |
| **ફાળો અને ફી :** | | ૧૬૪-૨૫ |
| **માંડી વાળેલી રકમો :** | | |
| અન્ય લ્હેણા : | ૧૬-૨૭ | |
| | | ૧૬-૨૭ |
| **પરચુરણ ખર્ચ :** | | ૫૧૩-૮૧ |
| **રીઝર્વ અથવા અંકિત ફં. ખાતે લીધેલી રકમો :** | | ૧,૪૨૨-૯૬ |
| **ટ્રસ્ટના હેતુઓ અંગેનું ખર્ચ :** | | |
| બીજા ધર્માદા હેતુઓ | ૫,૯૦૪-૩૪ | |
| | | ૫,૯૦૪-૩૪ |
| **વધારે સરવૈયામાં લઇ ગયા તે :** | | ૧,૬૮૬-૬૨ |
| **કુલ રૂા....** | | **૧૩,૩૫૦-૬૮** |

અમારા આ સાથેના આજ તારીખના રાપેટ મુજબ

**Sanghvi & Co.**

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓડીટર્સ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શોક ઠરાવ

ધર્મપરાયણ અને ભક્તિપરાયણ શેઠશ્રી સાકરચંદભાઈ મોતીલાલનું તા. ૧૧-૨-૭૪ના રોજ મુંબઈ મુકામે દુઃખદ અવસાન થયું તે સમાચારથી અમે ખૂબજ દિલગીર થયા છીએ.

તેઓશ્રી એક સાચા સમાજ સેવક હતા. જૈન સમાજની અનેક સંસ્થાઓને તેમણે તન, મન અને ધનથી પોષી હતી અને પ્રેરણા આપી હતી. કેટલીક સંસ્થાઓમાં સક્રિય કાર્યકર તરીકે પણ સેવા આપી છે.

સ્વ. પૂજ્ય આ. વિજય વલ્લભસૂરીશ્વરજી મહારાજના તેઓ પરમ ભક્ત હતા. અન્ય મુનિરાજોની ભક્તિ કરવામાં પણ તેઓ ખૂબ ઉત્સાહ દાખવતા.

આપણી સંસ્થા શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર પ્રત્યે પણ તેઓ અનન્ય પ્રેમ ધરાવતા હતા. આ સંસ્થાને તેમના તરફથી મળેલ સહકારથી ઘણું પ્રોત્સાહન મળ્યું છે.

તેઓશ્રી આ સંસ્થાના પેટ્રન હતા. તેઓશ્રીની આર્થિક સહાય વડે પૂજ્ય ગુરુદેવ આચાર્ય મહારાજ શ્રી આત્મારામજી મહારાજની જન્મ જયંતી નિમિત્તે પાલીતાણા શત્રુંજય તીર્થ ઉપર દરવર્ષે તેમની મૂર્તિને આંગી તેમજ પૂજા ભણાવવામાં આવે છે. અને સભાસદોનું સ્વામિવાત્સલ્ય તેમજ ભક્તિ પણ કરવામાં આવે છે.

સ્વ. શ્રી સાકરચંદભાઈ મોતીલાલના સ્વર્ગવાસ અંગે શ્રી જૈન આત્માનંદ સભાની તા. ૧૭-૩-૭૪ના રોજ મળેલી સભામાં થયેલ શોક ઠરાવ.

દાનવીર શેઠશ્રી સાકરચંદ મોતીલાલનું તા. ૧૧-૨-૭૪ના રોજ મુંબઈ મુકામે દુઃખદ અવસાન થયું તે અંગે શ્રી જૈન આત્માનંદ સભાની તા. ૧૭-૩-૭૪ના રોજ મળેલી આ સભા ઊંડા શોકની લાગણી વ્યક્ત કરે છે. સ્વ. શ્રી સાકરચંદભાઈ ધર્મપરાયણ, કેળવણી પ્રેમી અને શાન્ત તેમજ ઉદાર ચરિત હતા. તેઓશ્રી આ સભાના પેટ્રન હતા અને આ સભા પ્રત્યે ખૂબજ મમતા રાખતા અને આ સભાના કાર્યમાં સારો સહકાર આપતા તેમના અવસાનથી આ સભાને જૈન સમાજને ન પૂરાય તેવી ખોટ પડી છે. પ્રભુ તેમના આત્માને પરમ શાન્તિ આપે એવી અભ્યર્થના.

# સ્વર્ગવાસ નોંધ

ભાવનગર નિવાસી શાહ ખીમચંદભાઇ લલ્લુભાઇ પાનવાળા તા. ૩-૨-૭૪ મહા શુદિ ૧૧ને રવિવારે ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે તેની નોંધ લેતા અમો ઘણાજ દીલગીર થયા છીએ. તેઓ શ્રી ખૂબ ધર્મપ્રેમી અને મળતાવડા સ્વભાવના હતા. સભા પરત્વે ખૂબ લાગણી ધરાવતા હતા. તેઓશ્રી આ સભાના પેટ્રન હતા. પરમકૃપાળુ શાસનદેવ તેમના આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના.

---

ભાવવનગર નિવાસી ભાવસાર નેમચંદ છગનલાલ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે તેની નોંધ અમો ઘણીજ દીલગીર સાથે લઇએ છીએ. તેઓ ખૂબ ધર્મ પ્રેમી અને મળતાવડા સ્વભાવના હતા. તેઓ સભા પરત્વે ખૂબ લાગણી રાખતા હતા તેઓ આ સભાના આજીવન ભભ્ય હતા તેમના આત્માને શાંન્તી મળે એજ પ્રાર્થના.

---

ભાવનગરવાળા શ્રી ગીરધરલાલ ખીમચંદ શાહનું મુંબઇ મુકામે તા. ૨-૩-૭૪ના રોજ સ્વર્ગવાસ થયેલ છે તે જાણી અમો ઘણાજ દીલગીર થયા છીએ તેઓશ્રી ખૂબ ધર્મપ્રેમી અને સરળ મળતાવડા સ્વભાવના હતા. આ સભા પ્રત્યે ખૂબ લાગણી ધરાવતા હતા. તેઓ આ સભાના આજીવન સભ્ય હતા. તેમના આત્માને શાશ્વત શાંતિ મળે તેવી પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ અન્વયે "આત્માનંદ પ્રકાશ"
સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | પ્રસિદ્ધિ સ્થળ : | ખારગેટ, ભાવનગર. |
| ૨ | પ્રસિદ્ધિ ક્રમ : | દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ |
| ૩ | મુદ્રકનું નામ : | હરિલાલ દેવચંદ શેઠ |
| | કયા દેશના : | ભારતીય |
| | ઠેકાણું : | આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર |
| ૪ | પ્રકાશકનું નામ : | શ્રી જૈન આત્માનંદ સભા વતી, ખીમચંદ ચાંપશી શાહ–ભાવનગર. |
| | કયા દેશના : | ભારતીય |
| | ઠેકાણું : | શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ–ભાવનગર. |
| ૫ | તંત્રીનું નામ : | માસિક સમિતિ વતી, ખીમચંદ ચાંપશી શાહ–ભાવનગર. |
| | કયા દેશના : | ભારતીય |
| | ઠેકાણું : | શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ–ભાવનગર. |

૬ સામયિકના માલિકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

આથી અમો જાહેર કરીએ છીએ કે ઉપર આપેલી વિગતો અમારી જાણ તથા માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧–૪–૭૪ માસિક કમિટી

ખીમચંદ ચાંપશી શાહ — ગુલાબચંદ લલ્લુભાઈ શાહ
મનમુખલાલ તારાચંદ મહેતા — કાંતિલાલ જગજીવનદાસ દોશી
અનંતરાયભાઈ જાદવજી શાહ



## અમારૂં નવું અને અણમોલ પ્રકાશન

શ્રી શાકટાયનાચાર્ય વિરચિત

### स्त्रीनिर्वाण-केवलिभुक्ति प्रकरणे ॥

સંપાદક : પૂ. મુનિમહારાજ શ્રી જંબૂવિજયજી મહારાજ

કિંમત છ રૂપિયા

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા

મૂળ સંસ્કૃતભાષામાં સ્વોપજ્ઞવૃત્તિ સાથે શ્રી શાકટાયનાચાર્યે રચેલો આ ગ્રન્થ ઘણી મહત્ત્વની વિચારણા રજુ કરે છે. સ્ત્રી–નિર્વાણ અને કેવલી–કવલાહાર આ બે વિષયોની આ પુસ્તકમાં વિશદ છણાવટ થયેલી છે આ ગ્રન્થની મહત્તા સમજી સ્વ. પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજીએ એ પ્રગટ થાય એવી અભિલાષા પ્રગટ કરી હતી. અને તેમની જ પ્રેરણાથી વિદ્વાન મુનિરત્ન શ્રી જંબૂવિજયજી મહારાજે ખૂબ જહેમત લઈ આ પુસ્તકનું સંપાદન કરેલ છે. તેની પ્રાસ્તાવિક સમજુતી સંસ્કૃત તેમજ ગુજરાતી ભાષામાં આપવામાં આવી છે. આ પુસ્તક દરેક પુસ્તકાલયો અને જ્ઞાનભંડારોએ વસાવવા યોગ્ય છે.

પ્રાપ્તિસ્થાન : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ, ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રન્થો

### मस्कृत ग्रंथो

| | |
|---|---|
| १ वसुदेव हिण्डी द्वितीय अंश | १०-०० |
| २ बृहत्कल्पसूत्र भा. ६ ठ्ठो | २०-०० |
| ३ त्रिषष्टिशलाकापुरुषचरित-महाकाव्यम् भा. २, पर्व २, ३, ४ (मूळ संस्कृत) पुस्तकाकारे | १५-०० |
| ४ ,, ,, प्रताकारे | १५-०० |
| ५ द्वादशारं नयचक्रम् | ४०-०० |
| ६ सम्मतितर्कमहार्णवावतारिका | १५-०० |
| ७ तत्त्वार्थाधिगमसूत्रम् | १५-०० |
| ८ प्रबंधपंचशती | १५-०० |
| ९ स्त्री निर्वाण केवलिमुक्ति प्रकरणे | ६-०० |

### અંગ્રેજી ગ્રંથો

| | |
|---|---|
| 1 Anekantvada by H. Bhattacharya | 8-00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35-00 |

### ગુજરાતી ગ્રંથો

| | |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૨૦-૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૦-૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૪-૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨-૫૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨ | ૨-૦૦ |
| ૬ કથારત્ન કોષ ભા. ૧ | ૧૨-૦૦ |
| ૭ કથારત્ન કોષ ભા. ૨ | ૧૦-૦૦ |
| ૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ | ૩-૦૦ |
| ૯ આત્મ કાન્તિ પ્રકાશ | ૧-૫૦ |
| ૧૦ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત | ૧૦-૦૦ |
| ૧૧ ધર્મ કૌશલ્ય | ૨-૦૦ |
| ૧૨ અનેકાન્તવાદ | ૨-૦૦ |
| ૧૩ નમસ્કાર મહામંત્ર | ૨-૦૦ |
| ૧૪ ચાર સાધન | ૨-૦૦ |
| ૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૨-૦૦ |
| ૧૬ જાણ્યું અને જોયું | ૨-૦૦ |
| ૧૭ સ્યાદ્વાદમંજરી | ૧૫-૦૦ |
| ૧૮ ભ. મહાવીર યુગનાં ઉપાસિકાઓ | ૨-૦૮ |

નોંધ : સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોસ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

**શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર**

તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રકઃ હરિલાલ દેવચંદ શેઠ આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.

For Private And Personal Use Only